# ધાતુ-પુષ્ટિ.

( મનહર-છંદ )

ધાતુનો જવાનો ભય હોય તેવા વ્યાપારીની-
પેઠે રહે હમેશ ન ખાન એ વિચારજો,

ધાતુનો જવાનો ભય હોય તેવા ભૂપતિના-
દેશની આબાદિ થએ ક્યાંથી બિને ધારજો;

ધાતુનો જવાનો ભય હોય તેવા પુરુષને-
હૈયાનાં હમેશ સહુ દુઃખ અવધારજો,

ધાતુ એજ ધરાનું જીવન જાણ જનકે છે-
માટે ધાતુ-પુષ્ટિ વાંચી ધાતુને વધારજો.

એક પોસ્ટકાર્ડ લખી મંગાવનારને આ પુસ્તક વિના
મુલ્યે મફત મોકલવામાં આવે છે.


**વૈદ્ય જકુરભાઈ જીવણભાઈ.**

મુ. ધોળકા પ્રાં. ગુજરાત.

# અમારા ઔષધાલયના નિયમો.

જેઓ સાહેબો અમારા દવાખાનામાંથી આઠક મહીને અગર એકંદર રૂ. ની દવા ખરીદશે કે વેચશે, વેચાવશે તેઓ સાહેબોને આ પ્રમાણે કમીશન આપવામાં આવશે એટલે કે—

વી. પી. કે ડિપોઝીટ (આગામ રકમ) થીજ દવા મોકલવામાં આવે છે. તેમાં ૨૦ ટકા પ્રમાણે કમીશન આપવામાં આવે છે. ટપાલનું ખર્ચ અને સામટી દવા ખરીદનારનેજ ભરવું પડશે.

નમુના જે જરૂર દવા મંગાવશે કે ખરીદશે તેને રૂપિયે ૪ આના મુજબ કમીશન આપીશું.

જો એકંદર આનાની સામટી અગર કાગળીઆ મંગાવશે તો તે આનાની અંદરની કાગળી અગર તેટલીજ કીમતની ચીજો દવા મોકલવામાં આવશે. પરંતુ તે કાગળી એક રૂપિયાથી ઓછી કીમતના ન લખી આવવું.

જો એક આનાની સામટી અગર કાગળીઆ મંગાવશે તેને ૭ કાગળીઆ તથા દસ કાગળીઆ સામટી મંગાવશે તેને ચાર કાગળો મોકલવામાં આવશે.

જેઓ રૂપિયાની સામટી દવા ખરીદનારને મંગાવનારને ત્રીશ રૂપિયાની, પચાસ રૂપિયાની સામટી ખરીદનારને પાંચ રૂપિયાની અને પચીસ રૂપિયાની એકદમ ખરીદનારને એક રૂપિયાની દવા મોકલવામાં આવશે.

જેઓ રૂપિયાથી વધારે કીમતની દવા મંગાવનાર સાહેબોએ પાંચ રૂપિયા અગાઉથી મોકલી દેવા.

પોસ્ટેજ સ્ટામ્પ મોકલવો નહીં પત્રમાં પોતાનું પુરૂં ઠેકાણું ગામ ઠેકાણું અને પોષ્ટ જિલ્લા તાલુકા રેલ્વેસ્ટેશન વગેરે સાફ સાફ અક્ષરે લખવું.

# ધાતુ-પુષ્ટિ.

લેખક—પ્રકાશક

## વૈદ્ય જાફરભાઈ જીવાણુભાઈ.

પ્રોપ્રાયટર—" આરોગ્યવર્ધક ઔષધાલય "
મુ. ધોળકા. ઓં. ગુજરાત.

ધાતુ શક્તિ પુષ્ટિ વધે, વધે આયુ સુખદાય;
ઘટે રોગ ઘટના સહુ, કરીએ એજ ઉપાય.

અમદાવાદનાં–શ્રી માર્તંડમુદ્રાલય ( છાપખાના ) માં
પટેલ. ભીખાભાઈ છગનલાલે છાપ્યું.
ઠે. રતનપોળમાં મરચીપોળ.

સુધારા વધારા સાથે
આવૃત્તિ બીજી પ્રત ૫૦૦૦
સંવત ૧૯૭૧ સન ૧૯૧૫

એક પોસ્ટકાર્ડ લખી મંગાવનારને આ પુસ્તક વિના મુલ્યે
મફત મોકલવામાં આવે છે.

# આ પુસ્તક વાંચવાથી થતા ફાયદા.

આ પુસ્તક પૂરેપૂરૂં ધ્યાન દઈ વાંચવા સાથે વિચારવા અને અંતરમાં ઉતારવાથી એ ફાયદા થાય છે કે, વાંચનાર મનુષ્યના શરીરમાં અશક્તિ થવાનાં કારણો હોય તે દૂર થાય છે, તથા નવાં પેદા થવા પામતાં નથી, તેમજ મનુષ્ય નિર્બળ શાથી થાય છે? તે રોગનો ભોગ કેમ બને છે? ટુંકી આવરદામાં કેમ મરે છે? વાંઝીયા-મેણું માથે લીધે ખાવું પડે છે? છોકરા થાય છે તો નિર્માલ્ય-દુબળા-ટુંકી આવરદાનાં-ટુંકી બુદ્ધિનાં શાથી પેદા થાય છે? સ્ત્રી અગર પુરૂષ શાથી રોગી કે નિરોગી રૂષ્ટ પુષ્ટ સશક્ત તાજાં રહી શકે છે? ધાતુઓ શાથી બગડે છે? શક્તિ ઓછી શાથી થાય છે? તાકત શું કરવાથી વધે છે? શું કરવાથી જવાંમર્દ જેવું જોરદાર ટકી રહેવાય છે? નામર્દી શાથી દૂર થાય છે? કાળ વગર જીવ લેનારા દર્દોને મળતો જન્મ શાથી અટકે છે? ચાંદી વિસ્ફોટક નાસોરા વગેરે તમામ રોગો શાથી થાય છે? વારસામાં મળનારા કયા કયા રોગો છે? અને પોતાની જીંદગી ઉપર છીણી મૂકી મરણને શરણ કઈ રીતે થવાય છે? તથા ઈજ્જત આબરૂ ગુમાવી ફિટકારને પાત્ર થઈ આ દુનિયાં છોડી પેલી દુનિયાંમાં પણ હડધૂત શું શું કરવાથી થવાય છે? વગેરે વગેરે તમામ બાબતોના ખુલાસા મળે છે, ઘણાંઓના દુઃખ દર્દો ટળે છે, વેળા વળે છે, ભાગ્ય ફળે છે, પાપ સંતાપ બળે છે, સુખ ધન આરોગ્યતા સારી પેઠે હળે છે અને દારિદ્રયને દળે છે; છતાં **એક પૈસાનું પતું લખી મોકલવાથી ઘેર બેઠે વગર ખર્ચે આ પુસ્તક મફત મળે છે.** કહો કેટલા બધા ફાયદા વગરના ફાયદા છે? **અમો પ્રતિજ્ઞાથી કહિએ છીએ કે આ ચોપડીમાં સાજા** તાજા રહેવાના કાયદા બનાવ્યા છે, તે જો **પૂરેપૂરા અમલમાં આવે તો સાચી મોજ માણે છે એમાં જરાએ શક નથી.**

# ધાતુ-પુષ્ટિ.

અહા ! આ અસ્થિર સંસારની અંદર કોઇ પણ વસ્તુની સ્થિતિ સદા એક સરખી રહેવા પામતીજ નથી. જે આજે જાહોજલાલી ભોગવે તે કાલે પાયમાલીને વરેલ, જે આજે વિલાસ તે કાલે કર-માંના કરતાં ખૂણામાં ભરેલ, જે આજે સાજું નરવું તે કાલે માંદું રોગી થયેલ; જે આજે રાજા તે કાલે રંક, જે આજે અમીર તે કાલે ફકીર, જે આજે અરજી સાંભળનાર તે કાલે અરજ કરનાર, અને જે આજે સંપત્તિ આદિના ગર્વથી સંસારમાં પણ સમાતાં ન હતા તે કાલે માત્ર હાથની કબરમાં સમાઈ ગએલાં જણાય છે. અ-રેજ વેગવાળા વખતની ચાંચડી વારાફરતી પોત પોતાનો અમલ બજાવ-તીજ રહે છે.

વાંચનાર ! નિગાહ કરો કે આપણી રત્નોની ખાણરૂપ ભારત ભૂમિ એક બે સદી પહેલાં તન્દુરસ્ત સમશેર-બહાદુર ધીર વીર બુદ્ધિ-શાળી કળાકૌશલ્યવંત અને વિદ્યાવિલાસી મનુષ્યોથી ભરપૂર હતી તેજ ભૂમી અત્યારે નિર્માલ્ય બાંધાવાળાં-બુદ્ધિહીન-બીકણ-બાયલાં-વિદ્યા કળાની અજ્ઞતાવાળાં રોગોના ભંડાર મુક્ત-નામનાં મનુષ્યોથી ભરપૂર

**આ પુસ્તક રોગી અને નિરોગીને સાચી સલાહ આપી, દુઃખ કાપી, આનંદ સ્થાપી એક સાચા મિત્રની ગરજ સારે છે; માટે અવશ્ય પૂરેપૂરા ધ્યાન સાથે વાંચવું !**

થઈ રહેતાં જ્યાં ત્યાંથી કાનપર બસ એજ પોકાર અથડાયા કરે છે કે ભાઈ સાહેબ! મારામાં બિલકુલ શક્તિ—તાકત નથી, મારા શરીરમાં નબળાઈ—નામર્દી—નિરૂત્સાહતા સજડ રીતે બનેલી સદાને માટે પોતાનું કાયમનું રહેઠાણ—ઘર કરી બેઠેલ છે, હું સંસાર—વ્યવહારના કામથી તદ્દન બાતલ થઈ પડ્યો છું, વાંઝિયાની ઓળમાં ગણાઈ રહ્યો છું, મને થોડી મહેનતે વધારે થાક લાગે છે, મને ઉંઘ આવતી નથી, મને ખાધું પીધું અંગે લાગતું નથી, મને અરૂચી સતાવી રહેલ છે, મને સંસાર અકારો થઈ પડ્યો છે, મને દરેક ચીજ કંટાળા ભરેલ અને દુઃખરૂપ જણાયાં કરે છે, મને દરેક મનુષ્યો અપમાનની લાગણીથી બોલાવે છે, સગાં સંબંધિઓનું સન્માન તો આસમાન પર ચડી બેઠું છે, મારો બરડો ફાટયા કરે છે, મારા પગ લબુલબુ થયા કરે છે, મને જરા જરા કામમાં દમ ચડે છે, શરીરમાં બળતર—કળતર—અને સંતાપની બળતરનીજ છત જણાયા કરે છે, ક્ષય—સંગ્રહણી—અપચો—ધાતુવિકાર—સ્વપ્નદોષ—અંધાપો—આંખોના ડોળા ડગડગવા—લોહીવિકાર—આદિ અનેક દર્દો મુંઝવ્યા કરે છે, એવી ગાલની ગુલાબી તો ગુમ થઈ ગઈ છે, રૂપ રંગ ને રોશની રીસાઈ બેઠેલ છે, કાનો તો ઇશ્વરનું શરણુ લેતા જાય છે, ધૈર્યતા—ધીરતા—સાહસીકતા—પુરૂષાર્થ—નિર્ભયતા—બુદ્ધિ—ચાતુર્યતા—કળાકૌશલ્યતા—ઉદ્યમ અને ઉત્સાહ એઓએ તો મારા ભણી નજર કરવી પણ બંધ કરી છે, ચિંતા—ચીડિયાપણું અને સુસ્તી તો મારી સાથે નિરંતર કુસ્તીજ કર્યા

ઉપરની સઘળી જાતની કડવી ફરિયાદો ઉભી કરનાર ધાતુ—બિગાડજ છે. સર્વ દર્દના માતા પિતા ધાતુ—બિગાડજ છે અને મનુષ્યપણામાંથી બાતલ કરનાર પણ ધાતુ—બિગાડજ છે!

કરે છે, પ્રમેહ–મદ–ચાંદી–વિસ્ફોટક–સંધીવાત–વગેરે વગેરે ગંભીર રોગો તો વારંવાર હુમલો કરી મને પુષ્કળ હેરાન કરી રહેલ છે, મારૂં મગજ મારા કબ્જામાંજ નથી; મન ભટકતુંજ રહે છે, અંગોપાંગ પૈકી પ્રત્યેક ઇંદ્રિયો મારી મરજી વિરૂદ્ધ વર્તે છે, બાળકો પણ મારી મશ્કરી કરે છે, ચામડીથી મઢેલા હાડપિંજરરૂપ મારો બિહામણો દેખાવ બની ગયો છે, હીંડવાની હામ ભાગી પડી છે, પથારીમાંજ પડી રહેવું ગમે છે, કમર ફાટયા કરે છે. ખાંસી ઘડીએ ઘડીએ જીવ લેવા જેવો ત્રાસ આપે છે, દાંતો દેશવટો લેવા ધારે છે, હોજરી અન્નને હજમ કરી શકતી નથી, પેંચોટી વારંવાર ખસી જાય છે, બરોબર દસ્ત ઉતરતો નથી, વારંવાર પેશાબ આવતાં કંટાળાનો પાર રહેતો નથી. પેટમાં ગુડગુડાટ બંધ પડતોજ નથી, પેટમાં વાયુ રમ્યાજ કરે છે, હાથ પગ વગેરેની રગો ખેંચાયા કરે છે, મસ્તક–શૂળ–ચક્કરી–ભ્રમ તથા અકળામણ વારંવાર પજવે છે, કોઇ કોઇવાર બેભાન અવસ્થા પણ થઇ આવતાં ઘરમાં રસ્તામાં પડી જવાથી લોકો વિચિત્ર વિચારને તાબે થઇ મનમોજ પ્રમાણે મારી ફજેતી લૂંટાવે છે, સ્ત્રી તરફ જોતાં હું બેહદ શરમાઉં છું, જોર કરવાના કામ વખતે તો હું પેહેલીજ પોબારા ગણી જાઉં છું. લાકડીના ટેકા વગર મારો નિભાવ થઇ શકતો નથી, એકલા ક્યાંય જવાની મારામાં હીમ્મત રહી નથી, જુવાનીમાં ગઢપણની છાવણીએ ડેરા દીધા છે, ઉંબરો ઓળંઘવો એ તો ડુંગર ઓળંઘવા જેવું, પાદર જવું તે પરદેશ જવા જેવું અને ગોળી ઉંચકવી તે ગંભાપૂર

---

આ બધી ખાનાખરાબીને અચ્છી રીતથી બંધ પાડવા "શુક્રસંજીવની ગુટિકા" એજ મહાત્માના આશિર્વાદ સમાન છે।

શિક્ષા ઉપકરવા જેવું થઈ પડ્યું છે. મુંઝવણમાં મણા રહી નથી. મહાંત મારાં કાળામાં કરવા તલપી રહેલું છે, ફક્ત શ્વાસના વહેવારથી મારી આશા ઊભી રહેવા પામી છે, કામદેવ તો ક્યારની મારી કુશળતાને હાથ કોહાળાથી ખોદી કહાડવા કુશળ રહેલ છે, અફસોસ! હજાર અફસોસ!! બેસુમાર અફસોસ!!! હવે મારે શું કરવું? કયો રસ્તો લેવો અને કેવી રીતે મહાંતના પંઝામાંથી બચવું? અરેરે! કોણ જાણે આ કયા જન્મનાં પાપ પ્રકટ થઈ આવ્યાં છે! હાય! હાય! મારીજ તરવાર મને મારવા તૈયાર થઈ છે! પાળેલા ઝેરી નાગ મનેજ ડસવા આવ્યો છે! મિત્રો હતા તેજ કટ્ટા શત્રુ થઈ જીવ લેવાની યોજના યોજી રહ્યા છે! મહા મહેનતે સંપાદિત કરેલું અમૃતજ અત્યારે કાતિલ ઝેર બની બેઠું અને તેના વેગથી આ ફાની દુનિયાં છોડી ચાલ્યા જવાના ભણકારા આવ્યા કરે છે! આવા કડવા પોકાર અભણ કરતાં ભણેલા વર્ગમાંથી, ગૃહસ્થાશ્રમી કરતાં સાધુ-બ્રહ્મચારીઓમાંથી, જડભરત કરતાં સુધરેલા જનોમાંથી, ગામડા કરતાં શહેરના લોકોમાંથી, ગામડી નિશાળો કરતાં સ્કૂલો-કોલેજો-બોર્ડીંગ-નાટક કંપનીઓ-તમાશગિરોની મંડળીઓ-સરકસોમાંથી, તેમજ ગુજરાતી ભણેલા કરતાં ઇંગ્રેજી ભણેલાઓમાંથી ઘણું કરીને (આ પોકાર) વિશેષ આવ્યા કરે છે; એમ માનવાને કેટલાંએક સબળ કારણો હાજરી આપે છે.

ખરેખર! આવી કડવી ફરિયાદોને જન્મ મળવાનું મુખ્ય

---

કઠ ઉપરાંત વિષયવાસનાના શોખથી થયેલી તમામ જાતની ખરાબીઓ, મહાડી શરીર સાબુતપણું રાખી જીવન ગાળનાર. શુક્રધાતુની અમૂલ્ય કિંમત ભરી રહ્યા છે.

કારણ શું? એમ સર્વના મનમાં સ્હેજથી સવાલ ઉત્પન્ન થયા વિન રહે તેમ નથી અને એટલાજ માટે ઉત્તર આપવાની ફરજ પડે છે કે એ માઠા પરિણામવાળાં, માઠા સમાચાર અપાવનારાં મુખ્ય કારણો એજ છે કેઃ—

**હસ્તકર્મ—હાથરસ, અતિ રતિ-વિલાસ, સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન—ગુદમૈથુન અને ધાતુનો સુધારો કરવા તરફ બેદરકારી આજ ખાના ખરાબીના મૂળ રૂપ છે!**

હાથરસ અથવા ગુદમૈથુન એ ખરાબ સોબતિયાઓના સંગથી, અતિમૈથુન એ મનને મોકળું મ્હેલવાથી, અને ધાતુનો સુધારો કરવા ભણી બેપરવાઇ રાખવાથી, તેમજ જીભ્હાસ્વાદ—કુદરતી કાયદાની અજ્ઞાનતા, તથા મા બાપે કરેલા ગુન્હાની સંતતીએ ભોગવવી પડતી સજા વગેરેને લીધે ધાતુઓમાં બિગાડો—નિર્બળતાના રોગોનો વધારો—જીંદગીપર મ્હોતનો થતો હુમલો—અને નખોદ જવાની આ

( સૃષ્ટિના નિયમથી ઉલટી રીતે હાથથી વીર્ય સ્ખલિત કરવું તેને હાથરસ એવું નામ આપવામાં આવ્યું છે. હાથરસને માટે ઇંગ્રેજીમાં માસ્ટરબેશન સેલ્ફ્ એબ્યુઝઃ સેલ્ફ્ પૉલ્યુશન હેલ્થડીસ્ટ્રૉઇંગ પ્રેક્ટીસઃ મેન્યુઅલ સોલીસીટેશન અને ડેથડીલીંગ પ્રેક્ટીસ એવાં નામો આપવામાં આવે છે.

**આ પુસ્તકમાં હાથરસ એ શબ્દને ઠેકાણે હવેથી કુટેવ એ શબ્દ આપવામાં આવશે.**

**કુટેવથી માણસ નકામું બની જતાં જિંદગી માટે હાથ ધોયા હોય છતાં જો શુક્રસંજીવની સેવન કરવામાં આવે તો બેશક મોંઘી જિંદગી કાયમ રહે છે.**

ગાડી વગેરેને આમંત્રણ થતાં મનુષ્ય—શરીર અંતે પાયમાલીને પાત્ર થાયછે; છતાં એ ત્રણેને નિર્મૂળ કરવા તરફ કોઈ પૂરતું ધ્યાન દેતાં નથી. એટલુંજ નહીં પણ તમામ વૈદકના ગ્રંથો ધર્મશાસ્ત્રો વૈદ્ય—હકીમ—તબીબ—ડૉક્ટરો, ભાષણકર્તાઓ, લેખકો અને કવિઓ વારંવાર શબ્દે શબ્દે ટાંકણી કરી ચેતવણી આપી ચાનકદાર બોધ દઈ અને તેથી થતી ખાનાખરાબીઓનું જોઈએ તેવું આબેહુબ વિવેચન કરી દુષ્ટ પરિણામ ખુલ્લાં પાડ્યા કરે છે; છતાં પણ—તુમ ચાહે વોહ કહા કરો, નુકશાન બતલાએ કરો, મોતકી ધાસ્તી દિખલાયે કરો, ઔર કાયદે રૂજુ કિયે કરો—પર હમકો જિસમેં મજાહ માલૂમ હુઇ હૈ ઉસ્સેં ચાહે તો ગર જાયેંગે, ખ્વાર હો જાયેંગે, નિઃસંતાન બન બૈઠેંગે, અગર બુરી ગતિમેં જા ફસેંગે, તોભી અલગ ન રેવેંગે, બસ અપની હીજતકી આગાહિકે આગે જાનકી બરબાદિ હોના કુછ હિસાબમેં નહીં હૈ! જિસકે સાથ મહોબત લગી ઉસકે ખાતિર જાનકી કુરબાની વહી સચ્ચી દોસ્તીકી નિશાનીહૈ. મરના તો એક દફે હૈ, પર જો મજાહ મિલાઈ સોહી સહી હૈ. મજાહકી મોજમેં કજાકી દરકાર રહતી હી નહીં. બસ હમ તો જિસકે આશક બન બૈઠહૈ ઉસીકેહી પીછે જાન કુરબાન કરેંગે—ઈત્યાદિ ઈત્યાદિ કુટેવોવાળા બોલ્યા કરેછે અને આખર પોતાને હાથે જાણી બૂઝી દીવો લઈ કુવામાં ઝીંપલાવા સરખા અકાર કરી પ્રાણની આહુતી આપેછે. જો કે તેવા અમલાંધને માટે અન્ય તો અમારો કશો ઇલાજ નથી; તો પણ બુરી

---

કુટેવોને વશ બનારા માણસોએ વ્હોરી લીધેલી ખાનાખરાબીને બંધ પાડવા ખરી હકીકત લખી મોકલતાં મોકલવામાં આવતી શુક-સંજીવની અત્યંત આનંદ આપે છે.

સોબતના લીધે—બુરી ખિસલતોની ખાસિયતમાં ફસાઇ શરીરની અને હિંમતની ખુવારી કરી રહેલા છે તેવા સમજના ઘરમાં આવનારા છતાં સંબોધ વગર સાન ને ભાન વિનાના બની બેઠેલાઓને તે કુષ્કર્મોની કિંચિત હાનિ તથા લાભ સહિત રજુ કરી દેવી કે જેથી તેઓ કુટેવોથી બચી ફરી તે માર્ગે પોતે અને પોતાના સોબતીઓને ન ચડવા દેવા વિચાર લાવે એ ઊંડા હેતુને ધ્યાનમાં રાખી તે વિષય ચર્ચાવિયે છિયે; કેમકે ઉપદેશની અસર ઓરજ છે.

જુવાની ખીલવા અગાઉ અગર જુવાની ખિલવાના સમયમાં કામોદ્દીપન કરનારા ખેલ તમાશા લેખ વગેરેપર લક્ષ દેવાથી, ઉમર લાયક થતાં છતાં સ્ત્રી ન મળવાથી અથવા તો યુવાનીએ યુવાનીઆ એકાંતમાં સંતાયાં અને અમર્યાદાનાં ભાષણો—ચિત્રો—કાવ્યો—કહાણીઓ ઉપયોગમાં લેવાથી, **કુટેવથી અને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુનથી** ( કરવું કે કરાવવું ) વગેરે બદ ખિસલતપર સ્વાર થઈ જાય છે; કેમકે મન વિકારવાળું બનતાં સ્ત્રીનો સમાગમ ન હોય તેથી કામાંધપણાને લીધે બુદ્ધિનો, ઋતુકાળનો અને સંગ્રહ થયેલી શક્તિ (વીર્ય)નો ગેર ઉપયોગ કરેછે, શરીરનું હીર હરે છે, દાંડાં મારતો વિવિધ વ્યાધિઓને વરેછે, અને એનાજ ફંદમાં ફસાઈ આખર કમોતે મરેછે.

આગળ જણાવી ગયા છીએ કે દંપતિના સમાગમ શિવાય હસ્તરસ સૃષ્ટિવિરૂદ્ધ કર્મ વગેરે વગેરેથી વીર્યનો ગેરઉપયોગ કરવા તેને **કુટેવ કહે** છે—આ કુટેવ શરૂઆતમાં તો ઘણાંસુધી બનાવ-

---

દરેક જાતની ખરાબ ખિસલતો—કુટેવોથી આવેલી નબળાઈ **નામર્દી તથા બેઠેલી** નિરાશા શુક્રસંજીવનીના સેવનવડે પાછી **અજબ નવીન સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે.**

નારીજ જણાવા લાગે છે; કારણ કે વીર્યનો જથ્થો વિશેષ હોવાથી એકદમ ઉઘાડી રીતે અનિષ્ટ પરિણામની માહેતી આપતી નથી. તથાપિ ધીરે ધીરે છુપી રીતે આ કુટેવરૂપી દેહમાં મનાઈ રહેલો ઝેરી સાપ આખર એવો દંશ દેછે કે તે કોઇ ઉપાયથી નિર્વિષપણાનો લાભ આપીજ શકતો નથી, જેથી તે ઝેરના સપાટામાં સપડાતાં અને મરણનીજ મુલાકાત લેવાય છે.

આ કુટેવ હળાહળ ઝેર છે, હડકવાના રોગ સમાન છે, મેકડીના ચેપ જેવી છે, કૌવચની રૂંવાટીના સ્પર્શ બરાબર છે, અને વિકરાળ મહાકાળીના મુખવત્ માનવને અગનારજ છે

આ કુટેવ વધી પડતાં સો ટીપાં લોહીથી એક ટીપું વીર્ય બનનાર તેવું મહા મોંઘું અને જીવન-બળદાતા વીર્ય છે તેને અવળો રસ્તો આપી શરીરની ખુવારી કરાય છે અને એથી એક વખતની કુટેવની ક્રિયાથી વીસ વારના સ્ત્રી સમાગમ જેટલું વીર્ય બરબાદ થઇ વીસગણી પાયમાલીની પધરામણીને વધાવી લેવાય છે.

આ કુટેવના વિશેષ મહાવરાથી વીર્ય નામનો ધાતુ બગડતાં મજ્જા-માંસ-હાડ-લોહી--રસ એ ધાતુઓ પણ બગડવા લાગે છે, તન્દુરસ્તી દૂર ભાગે છે, અનેક રોગો જાગે છે, અને એથી છેવટ મોતને માગે છે

આ કુટેવ એકાંત વાસમાં લેવાય છે; પણ એની મેળેજ તે કુટેવનાં દુષ્ટ ચિન્હો ખુલ્લા મેદાનમાં આવી જાય તેવું આખું શરીર

---

કુદરતી નિયમો મુજબ તૈયાર કરવામાં આવેલી શુક્રસંજીવની ગોળી કુદરતી કાયદા વિરૂદ્ધ કરેલાં કામોથી થયેલી શરીરની બરબાદી દૂર કરાવી કુદરતી તાકાત બક્ષે છે.

લેવાય છે. હાથ, પગ, પીઠ, કમર અને કોઈ કોઈ વખત આખા શરીરમાં કળતર થાય છે, દસ્તનું રોકાણ થાય છે, પેશાબ વા દસ્તની અંદર પીડા થાય છે, નાડી ક્ષીણ થઈ જાય છે, લોહી ફરવાની ગતિમાં મંદતા વધી પડે છે, મગજના જ્ઞાનતંતુઓને જોઈએ તેટલું લોહી ન મળવાથી દિમાગમાં અનેક રોગોને આસરો મળે છે, દુનિયાંપર અણગમો ઉત્પન્ન થાય છે, સુસ્તીનો સમુદ્ર છલકાતોજ રહે છે, ચિંતા, ભય, શોક, બીકણપણું, વહેમ વધી પડે છે, હૃદયના ધબકારા વધે છે, યાદશક્તિ કમી થાય છે, મગજ ભમી જાય છે, કવચિત્ દીવાનાપણું પણ થઈ આવે છે, એકાદો હૃદય સંબંધી રોગ પણ પેદા થાય છે, થોડી મહેનત કર્યાં છતાં ભારે થાક ભારે શ્વાસ અને ભારે હાંફણ થવા જેવી સ્થિતિ થઇ પડે છે, આદીનો સરદાર બની બેસે છે, શરીર દુર્બળ, બિહામણું, શક્તિ રહિત થવાથી સંસાર-વ્યવહારમાં નિરૂપયોગી બને છે; એથી આત્મહત્યા કરવાનું પણ મન થઇ આવે છે. મનનો જુસ્સો બળવાન હોવા છતાં શરીર અશક્ત હોવાને લીધે જરૂર પડતાં જ્યારે નિરાશા ભેટે છે ત્યારે દરદનો પાર રહેતો નથી.

આ કુટેવથી ક્ષયનો રોગ પણ લાગુ પડે છે, ગડગુંબડ, ભગંદર, અર્શ, લોહીવિકાર, ચાંદિ, ખસ, લુખસ, ખુજલી, આંખોના તપારા અને દિમાગને નુકશાન પોહોંચવું વગેરે રોગો થઈ આવે છે. હાડમાં વાયુ સદા થોડો થોડો રમ્યા કરે છે, જેથી તે હાડ-કચરીઆના ભારથી હાડ કમજોર શિથિલ બની જાય છે.

---

**આ કુટેવથી** જઠરાશય—હોજરી કમજોર થવાને લીધે લીધેલો ખોરાક બરોબર હજમ કરી શકવામાં પછાત પડે છે, જેથી બદહજમીનાં દર્દો જેવાંકે અજીર્ણ, અતિસાર, સંગ્રહણી, કોલેરા, ઉલટી, નિદ્રાનાશ, આળપંપાળનું આવવું, આફરો, આંતરડામાં થતો ગુડગુડાટ, પવનનું ન છુટવું, છાતી તથા પેડુનું ભારે રહેવું, પેશાબનું વારંવાર ઉતરવું, છાતીમાં બળતરા થવી, ખાટા ધુમાડાવાળા બદબુ સહિત ઓડકાર આવવા, બહુજ ખરાબ વાસ મારતો વા સંચરવો, મનનું ભ્રમિત થવું, ફેર આવવા—વગેરે વગેરે થાય છે, સોજા ચઢી આવે છે, મોંમાં બેસ્વાદ રહ્યા કરે છે, દસ્ત નિયમિત રીતે આવતો નથી, ખાંસી સતાવ્યા કરે છે, ઝાડાના રંગમાં વારંવાર ફેરફાર થાય છે, આંકડી આવે છે, ભભડાટ થાય છે, દસ્તની હાજત થયાંજ કરે છે, કફ પડે છે, પરૂ પણ પડે છે, અને પાંડુ કે કમળો થઇ આવે છે.

**આ કુટેવથી** આંખે લીલાં પીળાં દેખાય છે, આંખોનું તેજ કમી થાય છે. આંખો ધોળી પડી ઉંડી પેસી જાય છે, માથામાં બળતરા ને આંખોમાં વેદના થાય છે, તથા સુસ્તીનું જોર વધી પડતાં આંખ પણ ઊંચી ન કરી શકાય તેટલું નબળાપણું બહાર આવે છે.

**આ કુટેવથી** મુર્છા, વાઇ, ફેર અને ગ્લાની થઈ આવે છે, પાચનક્રિયાની અછતને લીધે અન્ન વગેરેના તરફ અરૂચિ થઇ આવે છે, ગાલની, હોઠની અને આંખની લાલી દરિયાપાર ચાલી જાય છે, દાંતનાં પેઢાં ધોળાં, દાંત ઢીલા, જીવડાંવાળા બની જાય છે, કાનમાં

---

હોજરીની નબળાઇ દૂર કરી પાચનશક્તિને પૂર્ણ રીતે વધારવા એ કામમાં તો શુક્રસ્તંભની પહેલે નંબરે કામ બજાવે છે,

અવાજ થયાં કરે છે, અંગોમાં ત્રોડ થાય છે, બેચેનીનો બેહદ વ-ધારો થાય છે. સાંધા ચરબી વગરના બની જતાં ઉઠતાં બેસતાં તેમાં કંટાળો ઉપજાવનારો કચડાટ થતો સંભળાય છે, ઝાડા અને મૂત્રની અંદર ધોળો પદાર્થ જતો જણાય છે, તથા દિન પરદિન નૂર ઉતરતું જાય છે.

આ કુટેવથી દોષો વિકાર પામતાં પરમિયો, ચાંદી, બદ, વિસ્ફોટક, સંધીવા, અંતર્ગળ, મૂત્રકૃચ્છ્ર, બરોળ, કાળજાના વ્યાધિ, આંચકી, શૂન્યતા અને ગ્રાહશક્તિનો નાશ વગેરે વગેરે રોગોને જ-ન્મ મળે છે.

આ કુટેવ એકલા પુરૂષનેજ હોય છે એમ નથી; પરંતુ કવ-ચિત્ સ્ત્રીઓને પણ હોય છે અને તેથી સ્ત્રીઓને પ્રદર, સોમરોગ, હિસ્ટીરિયા, નિર્બળતા, નિદ્રાનાશ, નસોનું ઢીલાપણું, મગજની બેચેની, અરૂચિ, કબજીઆત વગેરે વગેરે અનેક રોગો ઉત્પન્ન થાય છે.

આ કુટેવથી પથરીની બીમારી પણ થઇ આવે છે, તેમજ પક્ષાઘાત, ઉન્માદ, હ્રદયરોગ, શોષ, રાજ્યક્ષમા અને કંપવા વગેરે પણ રોગો દર્શન દે છે.

આ કુટેવથી શાંતપણું, શરીરસૌંદર્યતા, લાવણ્યતા, ચપળતા અને સૌજન્યતા આદિ સદ્ગુણો અને સ્વરૂપ નાશ પામી જાય છે.

આ કુટેવ એવો તો બુરો રોગ છે કે પોતાના હાથથીજ પો-તાનું મોત માંગનાર, પોતાના હાથે પોતાનું સત્યાનાશ વાળનાર, પોતાના ઉપાસકનું કાટલું કઢાડનાર, કાયર, એદી આળસુ રોગી

શુક્રસંજીવની ગુટિકા સાતે ધાતુને જોઇએ તેવું પોષણ આપી સ્ત્રીઓ પુરૂષો અને બાળકોને આનંદ આપે છે.

બેઅોબ બનાવનાર, પોતાના હાથેજ પોતાના પગપર કોવાડો મારનાર અને ઉભય જન્મ ભ્રષ્ટ કરનાર છે.

આ કુટેવથી નજલો ઝામરવા મોતિયો દૃષ્ટિવિકાર આદિ રોગોને પણ પેદા થવાની જગ્યા મળે છે.

આ કુટેવથી પેટમાં ચૂંક, દાંતોમાં સડો, વાળોનું ખરી પડવું, અગર ભૂંખરા થઇ જવાપણું, ખાલી ચડવી, બહેરાશ, સુગંધી દુર્ગંધીની પરીક્ષા ન પડવી, અવાજ બદલાઇ જવો, કેડમાંથી વળી જવું. ગુપ્તેંદ્રીનું પાતળી પડી સંકોચાઇ જવું, અને તાણ આવવી વગેરે વગેરે દર્દો પણ હાજરી આપે છે.

આ કુટેવથી સ્ત્રીઓને નિયમ વગર અટકાવ આવવો, તેમાં હદપાર પીડા થવી, આંગોઇ ખસવી, ધાતુનું વહેવું, પાંસળીમાં સણકુ, અને કામવૃત્તિ સતેજ રહેવાથી કુળમર્યાદા તજી ખરાબ રસ્તે દોરાવવા સુદ્ધાંનું બુરૂં પગલું ભરવાનો વખત હાથ લાગે છે.

આ કુટેવના લીધે શરૂઆતના આનંદમાં તો ઇંદ્રાસન ડોલતું માલૂમ પડે છે; પણ પાછળથી એક પછી એક બીમારીઓ હાજરી આપવાથી જ્યારે અંતે યમરાજની કાળોતરી આવવાનો વખત આવી લાગે છે ત્યારે તેને પારવગરનો પસ્તાવો આવે છે; પરંતુ પછી તે ટેવ છુટી શકતી નથી. ઘણા વૈદ્ય હકીમ ડૉકટરો તે કુટેવ છોડાવવા યત્ન કરે; પણ ધાતુની બરણાદિ થવાને લીધે મનોબળ નિર્બળ થતાં તે કુટેવ છોડવા ધારે; પણ છુટી શકતી નથી. મતલબકે આપણુંકે

---

શરીરના દરેક અવયવોને બળ આપી તથા સતેજ કરી જીંદગીને સારી સ્થિતિમાં ટકાવી રાખનાર 'શુક્રસંજીવની' એ અમૂલ્ય કીંમતવાળી દવા છે.

પડેલી હોય છે જેથી તે કુટેવને મ્હોંત શિવાય કોઇ મૂકાવી શકતું નથી.

આ કુટેવથી દમ્પતિ સમાગમ કરતાં વધારે વીર્યની ખરાબી થાય છે, કારણકે દંપતિ સમાગમમાં કાર્ય યોગ્ય વીર્ય છુપા ભાગમાં પડી પાછું પોતાના સ્થાન તરફ ઢળે છે, જેથી વધારે ખરાબી થતી નથી; પરંતુ આ કુટેવ અભ્યંતર આકર્ષણ રહિત હોવાથી સ્ખલિત થતાં વીર્યનો બચેલો ભાગ પાછો પોતાના સ્થાન ભણી વળી શ-કતો નથી. એથી દંપતી-સમાગમ કરતાં આ કુટેવથી થતા વીર્ય-પાતથી વધારે વીર્યક્ષય થવાના સબબે પરિણામ બહુજ માઠું આવેછે.

આ કુટેવવાળો દર્દી દવા કરાવા જાય છે ત્યારે આડીઅવળી વાતો જણાવી શરમને લીધે પોતાનું ખરૂં દર્દ છુપાવે છે, જેથી દુખે પેટ અને આંખમાં દવા આંજવે એવું થાય છે. અને એવું થાય એથી દર્દી, તેમજ દવા કરનાર બન્ને આપર કશું ફળ મેળવી શકતા નથી.

આ કુટેવની અસર પોત પોતાની પ્રકૃતિપર આધાર રાખતી હોવાથી કેટલાકને વર્ષોના વર્ષો લગી લાગટ આ કુટેવ રાખવા છતાં વધારે ખરાબી થતી નથી, કેટલાંકને બેચાર છ માસ લગી એ કુટેવથી ઘણીજ હાનિ પહોંચે છે, અને કેટલાંકને ફકત બેચારવાર એ કુટેવ કરવાથીજ તદ્દન નાલાયક થઇ પડવા જેવું ભયંકર પરિણામ હાથ લાગે છે. એટલે કે જેઓના સ્નાયુઓ વધારે અશક્ત હોય તેઓનાપર જલ્દી અને જબરો હુમલો થાય છે, અને થોડાક ગેર-આજબી માર્ગે દોરાતાં આખી જીંદગીને માટે નકામો થઇ પડે છે.

---

**આ કુટેવમાં** અતિ લીન થવાથી તે માત્ર એક વખતના દંપતિ-સમાગમથી બેહોશ થાય છે અથવા તો બે ચાર કલાકમાં મરણને શરણ થાય છે.

**આ કુટેવ કરનારને ઓળખવાની રીતિ**—જે આ કુટેવ કરતો હોય તેનું શરીર પીળું કે ફીકું પડી જાય છે, દુર્બળ હાડ-પિંજરવત્ બની રહે છે, બેડોળ દેખાય છે, આંખોમાં કુવા પડી જાય છે, આંખોની કીકી ફેલાએલી જણાય છે, તે વધારે વખત ઉભો રહી સકતો નથી ને કોઈની સ્હામે એક ટકથી જોઇ શકતો નથી. તે શરમાઈ જાય છે, એકાંતમાં સારૂં લાગે તેવા સ્વભાવનો જણાય છે, ભુલકણી પ્રકૃતિનો બની જાય છે, કેડમાંથી વળી ગએલ ખુબ કરતો, આળસુ, બુદ્ધિહીન, અંગ ધ્રુજવાના રોગથી પીડાતો, મંદા-ગ્નિનો હમેશાં પોકાર કરનારો, જવાની છતાં બુઢ્ઢા જેવો, વિષયવા-સનામાં હડકાયો, થોડા કામમાં કંટાળો ખાનારો, દમીયલ, ભ્રમિત ચિત્તવાળો અને પોતાના હાથથી પોતે પગ ચાંપનારો હોય છે. ટુ-કામાં કહિયે તો તે શરીરની મનની વચનની અને આત્માના નિર્બ-ળતાવાળો હોઈ આમાશય, સંધીવા, અંધારાં આવવાં, છાતીના રોગ, વાત કરતાંજ વીર્યપતન થવું અને નાંક સલ ઘાલવાવાળો તથા ચૈ-તન્ય રહિત ઈત્યાદિ રોગો યુક્ત હોય છે.

સો લોહીનાં ટીપાંથી એક ટીપું વીર્યનું બને છે, અને એવું મહા મુશ્કેલીથી જીવનદોરી રૂપ બનેલું વીર્ય કમમાં કમ ૮ તોલા હ-મેશાં સિલકમાં રહેવુંજ જોઇએ. જો તે સિલકમાંથી ઓછાશ થાય તો

---

શુક્રસંજીવની ગુટિકા એ ઔષધ નથી, પણ સ્વર્ગનું અમૃત હોવાથી તેના સેવનવડે સર્વે ઇચ્છા પૂર્ણ થાય છે.

તે માણસ રોગને ભોગ થઇ પડી આખર મરણની મુલાકાત લે છે. જે વીર્યનું સારી પેઠે રક્ષણ કરે છે તે પોતાની લાંબી જીંદગી ભોગવવાનો નિશ્ચયપૂર્વક કૉલ કરે છે અને જે વીર્ય સંરક્ષણ માટે બિલકુલ બેદરકાર રહે છે તે-મરણનેજ અવશ્ય કૉલ આપે છે.

આ કુટેવ એ કુદરતી વીર્ય સ્ખલિત થવાના કાયદાથી વિરૂદ્ધ કાયદો અંગીકાર કરતાં પાયમાલીનેજ વાયદો કરાય છે. જે આનંદ દમ્પતિ સમાગમથી મળે છે તે આનંદથી આ કુટેવનો બનાવટી આનંદ ચિત્તને વધારે પ્રસન્નતા આપી શકનો નથી, જે દમ્પતિ સાથેના રતિવિલાસમાં શાહુકારી પુર્વક સંતોષ છે તેવો કુટેવનો વિલાસ ચોરીઆ સાટાનો, કંટાળા, ભય, લજ્જાપૂર્વક છે, મર્યાદાસહિત કરેલો દમ્પતિ સમાગમ શરીરમાં ફુરતી, આનંદ, સુખ, આરોગ્યતા, સંતતી અને સૌભાગ્યતા આપે છે, તેથી વિપરીત પરિણામવાળો હસ્તદોષ છે; માટે જેમ બને તેમ તેને બંધ પાડવોજ યોગ્ય છે.

**ઉપર જણાવી ગએલી હાથરસની કુટેવ સિવાય પણ બીજી કુટેવ છે તે એજ કે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન—**

આ કુટેવથી પણ હાથરસના જેટલીજ પાયમાલી થાય છે: માટે તેનો પણત્યાગ કરવો. આ પ્રમાણે દુષ્ટ વર્ત્તનવડે વિશ્વનાં માનવો માનવપણું મૂકી દાનવપણું આદરી સૃષ્ટિનો અંત આણી રહેલ છે; તથા શરીરની, મનની અને જીવનની ખરાબી કરનારા પણ તેજ છે.

---

નઠારી ટેવથી થએલી નબળાઈ દૂર કરવામાં શુક્રસંજીવની એ અકશીર ઉપાય છે, માટે અવશ્ય વાપરવી.

**અતિ રતિવિલાસ**—એ રંગમાં રંગાઇ, આવરદા, આજીવિકા આનંદનું સ્થાયિપણું અને જીવન-સાફલ્યતા સાથ ધર્મસાધનને ગુમાવી જન્મને અલેખે કરી રહેલ છે; તેઓ ખચિત સૃષ્ટિની સંખ્યાનો હિસાબ બગાડવાજ અવતરેલા છે એમ માનવાને ઘણાં કારણો મળે છે.

મનુષ્યમર્યાદા કરતાં વિષયવાસના વધારે પ્રબળ રાખવી એ બહુજ નુકશાનકર્તા છે. દરેક ચીજ હદમાં હોય ત્યાં લગીજ તે સુખાકારી, આનંદ આપનારી, જીવન-બળ વધારનારી અને ધારેલી ધારણા પાર પાડનારી મનાય છે. ઘી, દૂધ, સાકર, જીવન-બળ વધારનારી દવા અને મેવાઓ વગેરે પણ જો હદથી વધારે ખાવામાં આવે તો તેઓ પણ લાભ આપવાને બદલે હાની હાજર કરે છે; માટેજ अति सर्वत्र वर्ज्जयेत्—સઘળું હદથી ઉપરાંત કરવુ છોડી દેવુ એજ પરમ હિતકારી છે.

શરીરમાં **કીમતીમાં કીમતી ચીજ વીર્ય** છે. સો લોહીનાં ટીપાંની અંદરથી અલગ અલગ પરિણામો થવા લાગતાં અંતે એક ટીપું વીર્ય બને છે. એ વીર્યથી અમુલ્ય પુત્રરત્ન પાકે છે એવા અમુલ્ય વીર્યનો વિના કારણે કે મૂર્ખતાથી વિનાશ કરવો એ ખરેખર મોટી મૂર્ખાઈ છે. ફક્ત સ્ખલિત થવાના સમય બે સેકન્ડના આનંદ માટે શરીરના રાજાનો નાશ કરવો એ સમજુ મનુષ્યનું કર્ત્તવ્ય નથી.

---

વીર્યરૂપ રાજાની અછતથી કે ગેરહાજરીથી જેમ રાજા વગર પ્રજાની પાયમાલી થાય છે તેમ શરીરના તમામ અવયવો ધાતુઓ અને તેમની સઘળી ક્રિયાઓની પાયમાલી થઈ અંતે દેહનો અંત આવે છે.

**સ્ત્રી-સમાગમ** આનંદને માટેજ નહીં, પણ સુંદર સુગુણશાળી પુત્રની પ્રાપ્તિ માટે કરવો એજ લાભદાયક છે.

**હદથી વધારે વિષયવાસના રાખવી** એટલે કે દરરોજ અને તેપણ એક બે ત્રણ વખત તેનો આનંદ લેવો એ તદ્દન મ્હોતનીજ નિશાની છે, અથવા તો બંધેજની દવાની મદદથી પુરૂષાતન બતાવવું એ પણ જીવનને બંધ પાડી મ્હોતનો દરવાજો ખુલ્લો કરવા જેવુંજ કામ છે.

નામાંકિત નર પેદા કરવાની ઈચ્છાવાળાએ વર્ષમાં એકજ વખત અને તેથી ઉતરતા નર માટે છ માસમાં એક વખત અને એથી પણ કનીષ્ટ ગુણવાળા પુત્રની ઇચ્છાવાળાએ ત્રણ મહીને, પંદર દહાડે અને છેવટ આઠ દિવસે સ્ત્રી-સમાગમ કરવો; પણ જો એથી ઓછા દિવસે કે દરરોજ સમાગમ કરવાની ઇચ્છા રહે તો તે ઇચ્છાવાળા માણસે મોતનેજ તેડું કર્યું સમજવું. અને તે તેડાથી ક્યારે દેહાંત આવી પોતાના ઉપાસકને ઓાં સ્વાહા કરી જશે તેનો વિચાર વ્હાલા વાંચનારજ કરી લેશો.

**અતિ વિષયવાસનાથી** સ્ત્રી કરતાં પુરૂષને વધારે હાનિ પહોંચવાને લીધે અમુલ્ય જીંદગીનો તાકીદેજ અંત આવે છે. અતિ વિષય-સેવીનને લાંબી જીંદગી ભોગવતો ક્યાંય જોયો નથી; કેમકે

---

રૂપાળી ગુણવાળી અને શક્તિવાળી પ્રજા પેદા કરી સંસારસુખ મેળવવું હોય તો શુક્રસંજીવની ગુટિકાનું સેવન કરો.

ક્ષય આદિ જીવલેણ રોગ તેની પાછળ લાગ્યાજ રહે છે, એથી આ-ખર લાચારી સાથ આ દુનિયાં છોડી પેલી દુનિયાની મુલાકાત લે-વીજ પડે છે.

**અતિ વિષયવાસનાને લીધે** શરીરના સ્નાયુ નિર્બળ—ઢીલા થઇ જાય છે, દૃષ્ટિની મંદતા, પ્રમેહ, સ્વપ્નદોષ, તુરત વીર્ય સ્ખલિત થવું. બરડામાં પીડા, દમ, મગજની શૂન્યતા, કાળજામાં દર્દ, જખરા ગુસ્સાવાળું અજીર્ણ, દુર્બળતા, ધાસ્તી, વાંઝીયાપણું, નબળા બાં-ધાની સંતતીનું થવું, અથવા ટુંકી આવરદાવાળી ઓલાદ થવી, ધા-તુનું પાણી સમાન પાતળું થઇ જવું, બેડોળતા, ચ્હેરા ઉપર ફિક્કાસ, આંખોમાં ધોળાસ, પ્રત્યેક કામમાં નિરૂત્સાહ, વાત કરવામાં કંટાળો, નિરંતર માથાનો દુખાવો, નજલો, સળેખમ, મૂત્રાશય, આમાશય, હોજરી, ગુર્દા, દિલ, છાતીનાં દર્દો અને યાદશક્તિનું કમી થવું વ-ગેરે વગેરે થઇ આવે છે, એથી છેવટ સ્મશાનમાં સાડા ત્રણ હાથ જગા પોતાની પથારી માટે કાયમ કરી લેવાય છે.

કુદરત કેરા કાયદા, તોડે જો જન તોજ;
ક્ષણભર આ સંસારની, રતી ન માણે મોજ.

જ્યારે આવકનો રસ્તો એક પણ ન હોય અને જાવકના રસ્તા ખુલ્લા હોય છે ત્યારે વાંચનાર ! આપજ વિચાર કરોકે આખર દેવા-ળુંજ કહાડવાનો વખત આવે કે નહી ?

---

માણસને મોટામાં મોટી બીમારી અશક્તિજ છે અને તેને લીધે અનેક ચિંતાઓ નુકસાનીઓ પેદા થયા કરે છે; પરંતુ એ સર્વ શુક્રસંજીવનીના સેવનથી નાબુદ થાય છે એ નિઃસંદેહ છે !

હમેશાં પુરૂષના વીર્યકોષમાં ૮ તોલા વીર્ય સિલક ખાતે હોય છે અને જે કાંઇ ખાવા પીવામાં આવે તેનું ક્રમે કરી બનતું વીર્ય ૨૮ દિવસે તૈયાર થાય છે, અને અહી તો દરરોજ અથવા દિવસ રાતમાં બેચાર વખત પોતાના બળથી, દવાના જોરથી કે નિસ્સાની મદદથી બરબાદ કર્યા કરે છે, તો પછી તે સિલકમાંથીજ વીર્ય ઓછું થતું જાય અને સિલક ખૂટે કે તુરત આવરદા પણ ખૂટે એ પણ બનવા યોગ્યજ છે.

**અતિ વિષયવાસનાથી** સ્ત્રીને પણ સંતાન થતાં નથી, જેમ ખેતરને વારંવાર ખેડવામાં આવે અને પાક પકવવામાં આવે તો તેમાં મનમાનતા ખાતરની કાળજી રાખવી પડે છે, ખાતર ભર્યા વિના જમીન કસ આપી શકતીજ નથી; પણ જો જમીન વાવેતર બગર વર્ષ દિવસ કે છ માસ પડતર રહેલી હોય તો તેમાં ખાતર ભરવાની જરૂર રહેતી નથી, કેમકે તે કસદાર જમીન હોય છે. શેલડીનું વાવેતર જમીનના કસ ચુસી લે છે એથી તે ખેતર એક વર્ષ લગી પડતર રાખવામાં આવે છે તોજ તેમાં પાછું વાવેતર કરવાથી સારો પાક ઉતરી શકે છે; પણ જો ઉપરા ચાપરી તેવી ચુસાઇ ગએલા કસવાળી જમીનમાં વાવેતર કરી પાકનો લાભ મેળવવાની આશા રાખે તો તે મહેનત ફોકટ જાય છે, પસ્તાય છે અને આખર હાંસી થાય છે, તેમ ગર્ભાશયને માટે પણ સમજવું.

જે વર વહુ બ્રહ્મચર્ય પાળે છે એટલે કે ૨૫ વર્ષ લગી પુરૂષ

---

૬૯ પ્રતિજ્ઞા લઇ કહિયે છિયે કે પૂરેપૂરા નિયમ સાથ શુક્રસંજીવની યોગ્ય પ્રમાણમાં સેવન કરવાથી અવશ્ય ધારેલી ધારણા પાર પડે છે.

અને ૧૬ વર્ષ લગી સ્ત્રી આઠે પ્રકાર સહિત બ્રહ્મચર્ય પાલન કરે છે અને તે પછી પણ પંદર દિવસે મહીને કે તેથી પણ વધારે મુદત લગી વિષય—વાસનાને આધીન થતાં નથી તે બ્રહ્મચર્યવંત ગણાય છે.

બ્રહ્મચર્યના આઠ પ્રકાર એ છે કે—સ્ત્રી પુરૂષના અને પુરૂષ સ્ત્રીના ગુણોનું લાગણી પૂર્વક વખાણ ન કરે. સ્ત્રી પુરૂષ સાથે અને પુરૂષ સ્ત્રી સાથે રમ્મત ગમ્મત ન કરે. ૩ સ્ત્રી પુરૂષને અને પુરૂષ સ્ત્રીને વિકારી દષ્ટિથી ન નિહાળે. ૪ સ્ત્રી પુરૂષની સાથે અને પુરૂષ સ્ત્રીની સાથે એકાંતમાં બેસી હસી છુટ મેળવી વાત ચીત ન કરે; કેમકે એકાંત એજ કામદેવની ઉત્પત્તિ કરનાર ખરો બાપ છે. ૫ સ્ત્રી પુરૂષસમાગમનો અને પુરૂષ સ્ત્રીસમાગમનો વિકારી સંકલ્પ ન કરે. ૬ સ્ત્રી પુરૂષને અને પુરૂષ સ્ત્રીને મળવાનો નિશ્ચય વાયદો ન કરે. ૭ અને સ્ત્રી પુરૂષ—શરીરનો અને પુરૂષ સ્ત્રી શરીરનો સ્પર્શ ન કરે. ૮

વાવેતર વખતે કાચો ખાતરો જૂનો સડેલો ડંખેલો કે પોચો દાણો જેમ વાવવાના કામમાં ઉપયોગી ગણાતો નથી તેમ વીર્યમાટે પણ સમજવું.

હાલમાં ટુંકા કદની, ટુંકી આવરદાની, ટુંકા ભાગ્યની, ટુંકી અક્કલની, ટુંકા પુરૂષાર્થની, બાયલી અને બેડોળ પ્રજા પાકે તેનું કારણ મુખ્યત્વે એજ છે કે નાનપણમાં લગ્ન થાય છે.

વાંચનાર ! જે શબ્દજ કહે છે કે બાળલગ્ન એટલે કે એવા

---

શુક્રસંજીવની ગુટિકામાં કાંઈ પણ પરેજ નથી; છતાં ઉપર બતાવ્યા મુજબ બ્રહ્મચર્ય પાળવા સાથે ઉપયોગ કરવામાં આવે તો ધારવા કરતાં વધારે ફાયદો મળે છે.

લગ્નને બાળ, દેવતા મહેલ; કેમકે એવા લગ્નોથી પરણનારને કશો ખરો લ્હાવ મળતો નથી, અને એવા લગ્નથી ખર્ચેલા પૈસા, ધારેલું ભવિષ્ય-સુખ, અને સંતાનોની આરોગ્યતા સાથની આબાદિ એ સર્વ આખર ધૂળમાં મળવાનો વખત દેખીતી રીતે કે છુપી રીતે પણ નજર અગાડી રમ્યાજ કરે છે; છતાં હજુ કોઈની ધ્યાનમાં આવતું નથી એ ખરેખર અજાયબી જેવો પ્રકાર છે.

ન્હાનપણમાં વેવિશાળ થવું એમાં આબરૂ વધી માને છે; પણ તે વધવા સાથે વરકન્યાની આવરદા, ગુણ, રૂપ, વિદ્યા અને ઉત્સાહ વગેરે ઘટવાનું સરૂ થઇ છેવટ આમ ઓલાદની ખરાબીનો માર્ગ ખુલ્લો થાય છે. તો ઊંડો વિચાર કરવાની જરૂર છે કે આયલી બે-ડૌળ, અલ્પ આયુવંત, અને અનાચારવંત પ્રજા પાકવાથી આબરૂ વધવાનો વખત આવે છે કે ઘટવાનો ? !

આબરૂ તો સારી નામીચી પ્રજા પાકવાથીજ વધે છે અને તેવી બળ-રૂપ-બુદ્ધિશાળી પ્રજા, ઉપર કહ્યા મુજબ બ્રહ્મચર્ય પાળી વીર્યને પાકું તથા ઘટ્ટ બનાવાથીજ પાકે છે.

પ્રિય પાઠકવર્ગ ! જૂના જમાનામાં પચીશ વર્ષ લગી બદ્ધ વીર્ય રહી બળ મેળવી બહાદુર નિવડવાના રંગમાં હિંદવાનો હાજર રહેતા હતા; પણ હવે તો જે જે પરદેશ અંદર ઢીંગલા ઢીંગલીનાં પરણેતર થઇ પડયાં છે તે તે પ્રદેશમાં બહાદુરને બદલે બાયલા બનતા માલમ પડે છે.

---

ધાતુ-બિગાડ રૂપી ચોર સર્વસ્વ જીવનધન લુટનાર છે; છતાં કોઈ તેની તરફ ચાંપતા ઈલાજ આદરતાં નથી એ શું ઓછા અફસોસની વાત છે ! !

પંજાબ, મારવાડ, મેવાડ, બુંદેલખંડ વગેરે વગેરે પ્રદેશ અંદર જે જે જ્ઞાતિઓ વિષે ન્હાનપણમાં પરણવાનો રિવાજ નથી અગર કાચી ઉમરમાં દીકરીને સાસરે વૉળાવવાનો રિવાજ નથી તે તે જ્ઞાતિયો વિષે જોવાથી માલમ પડશે કે સ્ત્રી પુરૂષો કેવાં ખુબસુરત તાકતદાર અને બળવાન તથા મજબુત બાંધાનાં નિવડે છે! એ બધો પ્રતાપ વીર્યને જાળવવાનોજ છે.

વિચાર કરવો જોઇયે કે—વીર્ય જાળવવામાં આટલા ફાયદા સમાયલા છે તો પછી તેને જાળવવા માટે બેદરકાર રહેવું એ કેટલી બધી અને કેવી ગંભીર ભૂલ છે. જેમાં દેખીતો અપાર નફો છે છતાં તે નફા તરફ જરા પણ ધ્યાન દેવામાં ન આવે એ ખચિત ઘણીજ શોચવા જેવી વાત છે.

યુરોપ, અમેરીકા આદિમાં દિન પ્રતિદિન સુધારો થતો હોવાથી તેઓ ચડતીના શિખરે બિરાજ્યા છે; માટે આપણે પણ તેવો સુધારો થવા માટે પ્રથમ બાળલગ્ન સહુથી વીર્યના નાશનું મોટું નાકું છે તે બંધ પાડવાની કોશીશ કરવી જોઇયે. તે બંધ કરવાથી કશું નુકશાન નથી; પણ અનંત ફાયદા છે.

વાંચકો! હજુ કંઇ વહી ગયું નથી, ભુલ્યા ત્યાંથી ફેર ગણવું એ પણ ઉત્તમ છે. જે જે દેહની અને દેશની ખાનાખરાબીનાં કારણો માલમ પડે તે તે કારણોને થોડે થોડે બંધ પાડવાં કે જેથી થોડા વખત વીતતાં પાછો સુધારો થઈ આવશે એમાં જરા શક નથી.

---

જ્યાં સુધી ધાતુ—બિગાડ ન થાય ત્યાં સુધી એકે રોગ નજરે પડવા પામતોજ નથી, પણ ધાતુ—બિગાડ થયો કે રોગ સહિત મરણની છાવણી ખડી થાય છે.

નાનપણુમાં પરણુવાથી અથવા કાચા વીર્યને બરબાદ કરવાથી શું શું ભયંકર નુકશાન થાય છે તેની માહેતી મળવાની ખાતર એક એક ખાનાખરાબી કુટેવો તેમજ અતિ રતિસંગ ખરાબ સોબતો અને દુર્વ્યસનો વગેરેનો વિગતવાર અહેવાલ રજુ કરેલો છે, તે વાંચી વિચારી ધ્યાનમાં લઈ પોતાની તથા બીજાઓની કેટલી ખરાબી થાય છે તેનો ખ્યાલ કરી તે તે બાબતોનો સુધારો કરશો કે જેથી મારા જેવાઓની બધી મહેનત સફળ થાય !

વિચાર કરો કે ન્હાનપણુમાં પરણુવાથી સંતાનનાં માબાપો લ્હાવો લેવાગો સમજે છે; પરંતુ જેમ હાલ એક જાતના ધાસલેટને મળતા ગુણુવાળા ( બેલુ ) તેલનું સુગંધી હેરોઇલ બનાવવામાં આવે છે અને તે તરેહ તરેહના નામોથી જાહેરમાં આવતાં સ્ત્રી પુરૂષો તેનો છુટથી ઉપયોગ કરી રહેલ છે, તે એટલાજ માટે કે તે તેલથી સ્ત્રીઓના સાડલાને માથાવટી પડતી નથી અને પુરૂષોને ટોપી પાઘડી ફેંટા બગડતાં નથી; પરંતુ તેની વપરાસથી કીમતીમાં કીમતી મગજ બગડે છે તેની કોઇ દરકાર રાખતું નથી. મગજ બગડવાથી મન તનનો નિકટનો સંબંધ હોવાને લીધે તે પણ બગડે છે અને છુપી રીતે અનેક નુકશાન કરે છે. તેમ નાનપણુમાં બાળકોને પરણાવવાથી પોતાને લ્હાવો મળ્યો માને છે; પણ તેઓની જીંદગીને જોખમમાં ઓંકવી દેવાનો માર્ગ ખુલ્લો કરે છે તેની તેમને ગમ અગર કશી દરકાર છેજ નહીં.

તે વરકન્યા બાળલગ્ન થવાથી ભણુવામાં શરમાય છે, કંટાળે છે,

---

**તમામ જાતની મગજની અને આંખની કમજોરી દૂર થવા માટે તન્દુરસ્તી બક્ષનાર તૈલ અકશીર ઔષધ છે.**

અને વિષયવાસનાને ઉત્તેજન મળે તેવા વિચારવાળાં કથનો આસપાસનાં છોકરાં અને સગાંવ્હાલાં કે આડોસી પાડોસી મારફત સાંભળી સાંભળી છેવટ સ્વાભાવિક રીતે મન વિકારને વશ થાય છે અને મનમાં વિકાર થવાથી તેનો વિકાર તનને લાગુ પડે છે એટલે પછી પેદા થતી જુવાનીમાં ઝેરનો સમાગમ થઈ રહે છે અને તેમ થતાં પછી ભણવું હુનર મેળવવો વગેરે આટોપી મોજ શોખમાં વિચરવા રસિક બને છે.

કાચી ઉમરમાં વિષયની લીનતાને લીધે શરીરના અવયવો ખીલવાને બદલે કરમાવા માંડે છે. વીર્ય આદિ ધાતુઓ દોષને પાત્ર થતાં વિકારવંત—નિર્બળ થઇ રફ્તે રફ્તે નકામા થઇ મરણની મુલાકાત લેવડાવવાનો વખત હાજર કરે છે. માટેજ પાકી ઉમર થયા પછીજ વિષયવાસનાને તાબે થવાય તો એમાંથી એકે હરકત નડતી નથી અને પસ્તાવો થવાનો સમય સાંપડતોજ નથી.

**ધાતુ બગડવાનાં બીજાં કયાં કયાં કારણો છે?** નઠારી લત અગર નઠારા વિચારવાળાં છોકરાઓની સોબતથી કુમળા મનમાં નબળા સંસ્કારો પડે છે, જેથી તે નબળા સંસ્કારો ધીરે ધીરે સબળરૂપમાં થઇ તેજ રસ્તામાં દોરે છે. માટે તેવાઓની સોબતથી સમજુ માબાપોએ અગર વાલીવારસોએ પોતાનાં બાળકોને દૂર રાખવા ખંત રાખવી. ખરાબ સોબતથી શું શું ગેરનફા થાય છે તે તેનું યથાસ્થિત દાખલા દલીલ અને યુક્તિ પ્રયુક્તિ સાથે વર્ણન સમજાવી તેની ઉંડી છાપ તે બાળકોના હૃદયમાં છાપવી કે જેથી

---

**જીવનબળ આપનાર જે શ્રેષ્ઠ ઓષડો છે, તેવાં શ્રેષ્ઠ ઓષડોમાં શુક્રસંજીવની ગોળી ઉંચો દરજ્જો ભોગવનારી છે.**

તેઓ પોતાની મેળેજ તે નઠારાઓની સોબત છોડી દેશે. "

નઠારા છોકરા કે છોડીઓની સોબતથી વિષય—વાસના સતેજ થાય છે, નઠારી ટેવો હાંસિલ થાય છે, શૃંગારી વાતો, લખાણો, દેખાવોમાં મન દોડે છે, શૈશવમાં લપટાવાનો સમય આવે છે, બોલવા ચાલવામાંથી વિનય વિવેક ઓછો થાય છે, ખરાબ રસ્તે દોરાઇ શરીરની ખરાબી થતાં પસ્તાવાને પાત્ર થવાય છે, અને અંતે મરણનું શરણુ લીધા વિના અન્ય ઇલાજજ રહેતો નથી, તેમજ નઠારી સોબતથી નઠારા વિચારો નઠારો આચાર થાય છે, તથા નઠારી સોબતથી કેફી ચીજો પીવાની, ઉડાઉપણાની, નાટક ચેટક ખેલ તમાસામાં લીન થવાની, અને લંપટ લબાડીપણાની ટેવ અખત્યાર થાય છે તેથી વીર્ય વિકારને પામી પાયમાલીને પાત્ર થાય છે.

જુગાર, દારૂ, માંસભક્ષણ, વેસ્યા—સેવન, પરસ્ત્રીગમન, શિકાર, ચોરી તથા જુઠ વગેરે ખરાબ વ્યસનોના છંદમાં ફસાવાથી મન તન વિકારને તાબે થતાં વીર્ય વગેરે ધાતુઓની ખરાબી થાય છે.

વિરૂદ્ધ વિહારથી, વિરૂદ્ધ વિચારથી, વિરૂદ્ધ આહારથી અને વિરૂદ્ધ આચારથી, ધાતુઓ વિકાર પામે છે અને એથી અતે અનેક રોગોના ભોગ થઇ જિંદગીનો અંત આવવાનો વખત આવે છે. હવે **ધાતુ શાથી બગડે છે? ધાતુ બગડયા પછી કેવી સ્થિતિ થાયછે? અને તે બગડેલી ધાતુને કયા પ્રકારથી સુધારી લઇ સંતતી લાયક બનાવી શકાય છે!** તે સંબંધી સવિસ્તર વિવેચન અત્ર પ્રગટ કરવુંજ ઉચિત ધારૂં છું.

---

# એકંદર ધાતુ બગડવાનાં કારણોની નોંધ.

પોત પોતાના માબાપે કુદરતી કાયદાનો ભંગ કરી વારસામાં આપેલી નબળાઇથી તથા કાયદા વિરૂદ્ધ પોતાના વર્તનથી, કુટેવોના સેવનથી, હદ ઉપરાંત વિષય-વાસનામાં લીન રહેવાથી, દુર્વ્યસનોથી, નઠારી સોબતથી, દુર્ગુણી વિચારો લાવનારાં પુસ્તકો, નાટકો, તમાસાઓના અવલોકનથી, દિનચર્યા, રાત્રિચર્યા અને ઋતુચર્યાના નિયમ મુજબ ન ચાલવાથી, ખરાબ સ્ત્રી કે ખરાબ પુરૂષ મળવાથી, કજોડું મળવાથી, ઘણાં તીખાં તમતમાં ખારાં ખાટાં આકરાં ખાણાં પીણાં ઉપયોગમાં લેવાથી, હદથી વિશેષ કસરત કે મહેનત કરવાથી, ભણવા લખવા વાંચવા અને કારીગિરીના કામમાં કુમળી વય છતાં વધારે તકલીફ લેવાથી, ઘણા ઉજાગરા વેઠવાથી, બૈરાંઓ સાથે ઝાઝો સહવાસ રાખવાથી, બાળલગ્નથી, એક પથારિએ સુવાના વધારે શોખથી, ઉમર લાયક થવા છતાં યોગ્ય સ્ત્રી ન મળવાથી, મન નબળું ભટકતું રાખવાને લીધે સ્વપ્ન મારફત ધાતુપાત થવાથી, પ્રકૃતિ વિરૂદ્ધ ચીજો ખાવા પીવાથી, ચાંદી બદ વિસ્ફોટક ખસ પ્રમેહ વગેરે દર્દોના પ્રતાપથી, સોરા સીફીલીસ અને સાઇકોસીસ એ ત્રણે પ્રકાર પૈકીનું કોઇ વિષ પ્રાપ્ત થતાં તેનો વારસો મળવાથી, હદ ઉપરાંત ખેદ ચિંતા ભય હર્ષ સંકલ્પ વિકલ્પ વગેરેના કરવાથી, જરૂર વખતે તાકત વધારવાની દવા ખાવામાં બેદરકાર રહેવાથી, રોગોને જડમૂળથી દૂર ન કરવાથી, અસ્વચ્છ મેલા ઘેલા રહેવાથી, બીમારીથી,

---

દરેક જાતની ધાતુને લગતી બીમારી શુક્રસંજીવની ગોળીના સેવનની અગાડી ટકવા પામવીજ નથી, એવાં ખાત્રીપત્રો ઉપરા ચાપરી આવ્યાજ કરે છે.

કમજોરીથી, ઘણો ગુસ્સો ગર્વ લોભ પ્રપંચ કરવાથી, અત્યંત તપસ્યા કરવાથી, મનને વધારે છુટું રાખવાથી, વિષયને પેદા કરાવનારા બનાવો-પશુ, પક્ષીઓના રતિસંગમ જોવાથી, વધારે વૈરાગ્યના આવેશથી, લોહીવિકારથી, તડકો તાપ વૃષ્ટિ ટાઢ શરદી બહુ વેઠવાથી, ઈશ્કબાજીનાં ગીત ગાવા સાંભળવા તથા તેવાં ચિત્રો જોવાથી, ચાહકારી કેફેઈન ચરસ ચંડુલ દારૂ ગાંજો તથા ગરમ મશાલા વગેરેના શોખથી, અને સંતોષી પ્રકૃતિ નહિ રાખવાથી ધાતુ બગડે છે, તેમજ તેથી અનેક રોગો પેદા થઇ શરીરને રોગનુંજ મુકામ બનાવાય છે.

ઉપરનાં કારણોથી ધાતુ તવાઇ જાય છે, પાતળી પડી જાય છે, ફાટી જાય છે, અને ઢંગ વગરની સ્થિતિવાળી થઇ જાય છે. જેથી દસ્તમાં, પેશાબમાં, સ્વપ્નનાં, સ્ત્રી સાથે વાતચીત કરતાં, બગલમાં, લાળમાં અને પરશેવા વગેરેમાં તેમાંનો ભાગ જવા લાગે છે. તેના લીધે ધીરે ધીરે શરીર નબળું પડી જાય છે, દુબળું નિસ્તેજ સુસ્ત બની જાય છે, આંખો ફીકી, ગાલ બેસી ગયેલા, અને હોઠની લાલાઇ ઉડી ગયેલી જણાય છે, મગજ ફરે છે, હાથ પગ ઢીલા બને છે, જરા મહેનતે વધારે શ્વાસ ચડે છે, પરશેવો વળ્યા કરે છે, ઉત્સાહ, ઉમંગ જતો રહે છે, બેચેની, અરૂચિ, બદહજમી, બેસ્વાદપણું, કેડ પીઠ ગર્દનમાં પીડા, કામ કરવામાં અણગમો, યાદીનું કમી થવું, બોલવામાં કંટાળો, ખાધા પછી પાછું વળવું, કંપારો, ખાંસી, ક્ષય, તાવની શરૂઆત, ઊંઘનું કમી થવું, અને તમામ અંગ ઉપાંગમાં નબળાઇ વધી પડે છે, કલ્પના તથા સ્મરણ-શક્તિ ઓછી થાય છે,

---

**મહાન્ યાદશક્તિ મેળવવા, શરીર હૃષ્ટપુષ્ટ થવા મન અને તનને મોજમાં રાખવા માટે શુક્રસંજીવની ગુટિકા એક ઇશ્વરીબક્ષીસ સમાન આનંદ દેનારી છે.**

બ્હીયામણી સુરત બની જાય છે, કંપવા જેવું જણાય છે, મન નિર્બળ બની જાય છે, ઉદાસી વધી પડે છે, મગજ શૂન્ય બની જાય છે વગેરે વગેરે ઉપદ્રવો પેદા થાય છે.

આમ થવા છતાં જો દરકાર ન રાખવામાં આવે તો ઉપદ્રવો વધી પડી આપણી સાત પેઢીના ચોપડા ઉકેલવાનો વખત રજુ કરે છે; કેમકે વૈદ્ય, હકીમ, ડાક્ટર પાસે જઇ દર્દની તપાસ કરાવતાં તે તરત પૂછવા માંડે છે કે—

૧ તમારા વંશમાં કોઇને ક્ષય, ધાતુક્ષય, વાઇ, ઉન્માદ, નપુંસકપણું થયેલ જાણવામાં છે? ૨ તમારી ગુપ્ત ભાગની રગો કમજોર છે? ૩ તમો નઠારી સોબતમાં પડવાથી હાથરસ, સૃષ્ટિ વિરૂદ્ધ કર્મ વગેરે કુટેવોના સંગી થયા છો? ૪ તમારા મા બાપ દાદાની વ્યભિચારમાં વિશેષ પ્રવૃત્તિ હતી? ૫ સમાગમ વખતે નિસાસા નાખો છો? ૬ તમને કોઇ ગુપ્ત બીમારી છે? ૭ તમને સ્વપ્નામાં વીર્ય પતન થવાનો રોગ લાગુ થયો છે? ૮ તમારા મા બાપે કુદરતના કાયદા વિરૂદ્ધ ચાલી કરેલી ગુન્હાની તમને શિક્ષા મળી છે? ૯ ઉંઘમાં પેશાબ થઇ જાય છે? ૧૦ વારંવાર બહુ પેશાબ ઊતરે છે? ૧૧ દસ્ત બરોબર સાફ આવતો નથી? ૧૨ તમને બરળ, ગોળાની બીમારી છે? ૧૩ ખરાબ લત અખ્તીઆર કરવાથીજ ગાલની હોઠની આંખળી અને ચ્હેરાની લાલી ઉડી ગઈ છે? ૧૪ તમારી છાતી જુસ્સા વિનાની છે? ૧૫ તમારૂં ભેજું કમજોર છે? ૧૬ તમારો

નસો ફાટયા કરે છે? ૧૭ તમારા પગમાં તોડ કલતર થાય છે? ૧૮ તમોને આંખ્યે અંધારાં આવે છે? ૧૯ તમારા સાંધા દુખે છે? ૨૦ તમારા પેટમાં ગભડાટ થયાજ કરે છે? ૨૧ અન્ન બરાબર પચતું નથી? ૨૨ અરૂચિ રહે છે? ૨૩ હાથે પગે ખાલી ચડી આવે છે? ૨૪ માથું ભમ્યા કરે છે? ૨૫ તમારી સ્ત્રી સારી ચાલની નથી? ૨૬ શું તેને ગરમીનો રોગ લાગુ થયો છે? ૨૭ શું તમારાં મા બાપ દાદા ગરમી જેવા ચેપી રોગનાં ઉપાસક હતાં? ૨૮ શું તમારો પેશાબ લાલ, સફેદ, ગંધાતો અને તેમાં તળે જામી જતા ધોળા પદાર્થ સહિત છે? ૨૯ તમારૂં માથું હમેશાં ગરમ રહે છે? ૩૦ પેશાબમાં કંઈ ગરમી કડકતા જણાય છે? ૩૧ સુસ્તી વધારે રહે છે? ૩૨ ફિકરમાંજ મન કુબ્યું રહે છે? ૩૩ સ્ત્રીથી બહુજ શર માઓ છો? ૩૪ બરાબર ભૂખ લાગતી નથી? ૩૫ ઘડીએ ઘડીએ ગભરાઓ છો? ૩૬ તમારા ઢીચણમાં અને પગ પાટલીમાં ઉઠતે ચાલતે કડાકા વાગ્યા કરે છે? ૩૭ જમીનપર કે ઢીચણે હાથ દઈને ઉઠાય છે? ૩૮ કેડે હાથ દઈ ચાલવું પડે છે? ૩૯ રાત પડે છે કે ક્ષય-વશ થવાય છે? ૪૦ તમારી સંતતી જીવતી નથી? ૪૧ તમારી સ્ત્રીને વારંવાર કસુવાવડ થાય છે? ૪૨ તમારાં બાળક કદરૂપાં નિસ્તેજ રોગી દુબળાં અને અક્કલહીન થાય છે? ૪૩ તમારી સ્ત્રી તમારા સંગથી નારાજ રહે છે? ૪૪ તમને નામર્દી આવવાનો ભય લાગ્યો છે? ૪૫ તમારૂં રોજિંદા પેટ ચડચુંજ-ફુલ્યુંજ રહે છે? ૪૬ તમને ખાટા તીખા કડવા ઓડકાર આવ્યા કરે છે? ૪૭ કોઈ

---

**દરેક જગોની દવા ખાઈ કંટાળી છેવટની મજલ માટે તૈયાર થયા હોય તેઓને પણ શુક્રસંજીવની ગુટિકા આશાનાં અંકુરો પેદા કરાવે છે.**

પેટના દર્દથી પીડાઓ છો ? ૪૮ વારંવાર પેશાબ ટળે છે ? ૪૯ તમારૂં ખૂન બગડી જતાં શરીર લુખું ખુજલીવંત અને ખરસટ થયું છે ? ૫૦ તમારા તમામ જ્ઞાનતંતુઓ નબળા પડ્યા છે ? ૫૧ તમારી આંખ્યોમાં બળતરા થાય છે ? ૫૨ તમને મસાની બીમારી છે ? ૫૩ ખાધા પછી મોળ આવે છે ? ૫૪ તમારૂં લગ્ન ન્હાનપણમાં થયું હતું ? ૫૫ શું તમારાથી તમારી સ્ત્રી ઉમરમા મોટી અથવા તમારાથી કદાવર અને રૂપાળી વધારે છે ? ૫૬ કોઈ અંગતના વ્હાલા માણસનું મરણ થવાથી, ધનનું નુકશાન થવાથી કે રાજ્ય ભયથી શોક ચિંતા ભયને તાબે થયા છો ? ૫૭ તમોને ન્હાડે સ્ત્રીના રૂપ ગુણની વિચારણાઓની વાતો ઉપર બહુજ જંખના રહે છે ? ૫૮ તમને ખરાબ સ્વપ્ન બહુ આવે છે ? ૫૯ તમારા પગની રગો ઉભા રહેતાં કે ચાલતાં ખીંચાય છે કિંવા લથુડથુ અવસ્થાવાળી છે ? ૬૦ તમોને શૃંગારિક પુસ્તકો, વિષયી, વિકારી વાતો વધારે પ્રિય છે ? ૬૧ તમારી સ્ત્રી નઠારી ચાલની છે ? ૬૨ તમોને દારૂ માંસપર વધારે ચોહ છે ? ૬૩ તમારી સ્ત્રીને પ્રદરનો ( ધોળી લાલ ધાતુ જવાનો ) રોગ છે ? ૬૪ તેણીને ૨૯ દિવસે અટકાવ આવે છે ? ૬૫ તમો નાટક ચેટકના બહુ શોખી છો ? ૬૬ તમો બેઉ માણસ જીવ્હા-સ્વાદમાં સપડાયલાં છો ? ૬૭ તેણીને અટકાવ આવતાં પહેલાં કે અટકાવમાં પેડુ કે પેટમાં પીડા થાય છે ? ૬૮ તમારી સ્ત્રી કે તમો વધારે ગુસ્સાબાજ છો ? ૬૯ તમોને કપટ, પ્રપંચ વધારે વ્હાલાંછે ! ૭૦ તમને પરસ્ત્રી કે પર પુરૂષનો વધારે રંગ લાગેલો છે ? ૭૧

---

જીવન સર્વથી મોંઘામાં મોંઘું છે તેને આ સોંઘામાં સોંઘી શુક્રસંજીવની ગુટિકા પુરણ રીતે જાળવી રાખે છે.

તમારા બાપ દાદા યા દાદી વગેરેને ઉપદંશ મસા સંધીવા રતવા ભ-ગંદર દીવાનાપણું હીસ્ટીરીઆ અંગમાં ખોડ ખાંપણ વગેરે દર્દો થ-એલાં હતાં ? ૭૨ તમો જવાન યોધા જેવા છતાં ડોસા જેવા કેડ આંગળા બેસી ગએલા ગાલ, ઉંડી ઉતરેલી ધોળી આંખ, અક્કલની તં-ગાસ, લબડતી ચામડી, ઉત્સાહ રહિત, નિસાસા સહિત નિર્માલ્ય કેમ થયા જણાઓ છો ? ૭૩ શું તમારાપર ખાવાનો કે કામનો હદ ઉ-પરાંત બોજો આવી પડેલો છે ? ૭૪ શું તમારૂં મનોબળ નિર્બળ છે ? ૭૫ પુષ્ટિવાળા ખોરાકની ગેરહાજરી છતાં વિષયકળાનો અને વિલાસનો હદથી જ્યાદે અભ્યાસ રાખો છો ? ૭૬ પોતાની કરેલી મૂર્ખાઇ કાળાં ધોળાં કૃત્યો કે જીંદગીની કરેલી ખરાબી તમોને હવે સતાવ્યા કરે છે ?

વગેરે વગેરે સવાલો પૂછાય છે, તે વખતે ઘણું નીચું જોવું પડે છે, પણ ખરી વાતો જણાવ્યા વિના છુટકો થતોજ નથી; કેમકે વૈદ્ય અગાડી દર્દ, દૈયાણી અગાડી પેટ, અને ધર્મગુરૂ અગાડી મનનાં પાપ કહ્યા વિના શી રીતે તેનાથી મુક્ત થવાય.

વાંચનાર ! નબળાઈ—ધાતુ બિગાડ કે તેને લગતી નુકશાનીઓ ઉપરૂ બતાવેલા સવાલોવાળાં ચિન્હો ને દર્દો પેદા કરે છે માટે તે ધ્યા નમાં રાખી વર્તવામાં આવે તો કદી ધાતુ બગડતીજ નથી અને વૈદ્યને ઘેર જવું પડતુંજ નથી.

આજ ખાસ ધાતુ-બિગાડ થવાનાં ઉપર કહેલાં કારણો ઘણા-

---

શુક્રસંજીવની ગુટિકા ધાતુબિગાડથી થએલાં એકંદર રોગોને દૂર કરી પુર્ણ પ્રમાણમાં શક્તિ અને વીર્યને વધારી શરીરનાં દરેક અવયવોને મજબુત કરે છે.

બરાઓના જાણવામાં ન હોવાથી અને વૈદ્ય-વિદ્યાની પૂરી માહિતી ન હોવાથી જ્યાં ત્યાં ધાતુ-બિગાડનાં દર્દોએજ સ્ત્રી અને પુરૂષનાં શરીર, મન તથા ભવિષ્યની આશા બગાડી દઈ નિર્માલ્ય-ટુંકી જીંદગી વાળાં ટુંકા દહનાં બનાવી મૂક્યાં છે. એથી ચોમેરથી કમ-કૈવતની, નામર્દીની, ખરાબ બિસ્લતની, અતિ રતિવિલાસની ખરાબીની અને એથી થતા અનેક રોગો તથા વાંઝિયાપણાની કડવી ફરિયાદો કાનપર આવી અથડાયા કરે છે. અફશોષ! એ ફરિયાદોનો અંત ક્યારે આવશે? શી રીતે આવશે? અને પહેલા જમાનાની પેઠે હિંદની પ્રજા મજબુત બાંધાની, મજબુત મનની, પુષ્કળ કૈવતની, લાંબી જીંદગીની રૂપાળી, ગુણવાળી, બહાદુર નીવડી ભવિષ્યની ફિકરને ક્યારે દૂર કરશે!!!

પુરૂષાતન વિણ પુરૂષનું, નક્કી ઘટેજ નૂર;
જો પુરૂષારથ હોય તો, થાય મુલ્ક-મશહુર. ૧
જોર રહે જોબન રહે, જર પણ રહે જરૂર;
જોર ગયે સઘળું જશે, હરકત થશે હજૂર. ૨
શરીર સાચવિયે સદા, શરીર સુખનું મૂળ;
સાજું રહે શરીર તો, જોગ સહુ અનુકૂળ. ૩

મનુષ્ય માત્રમાં **શક્તિ એજ ખરૂં જીવન છે**, શક્તિ એજ **ખુબસુરતી છે**, શક્તિ એજ રૂપ રંગની **રોશની છે**, શક્તિ એજ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ સંબંધી ઇચ્છા પુર્ણ કરનાર **સાચો** મંત્ર છે, શક્તિ એજ સંસારને સાકર સમાન મીઠો બનાવનાર **સર્વોત્તમ પદાર્થ છે**, અને શક્તિ એજ જીંદગીની **સફળતા છે.**

---

નબળી થઇ પડેલી અથવા નાશ પામેલી ધાતુશક્તિને, ખાલી પડેલા લોહીને અને આંખોની કમી થયેલી રોશનીને શુક્રસંજીવની ફરીને તેજ બનાવે છે.

શક્તિ વિના માણસનું જીવન નકામું છે, શક્તિ વગરની જીંદગી ધૂળ બરોબર છે, શક્તિ વિના જ્યાં ત્યાં નિરાશાજ ઘોર છે, અને શક્તિ વિના મનુષ્યનો ભવ હારી જવાય છે; માટે જેમ બને તેમ ઓષધથી, કસરતથી, બ્રહ્મચર્યથી, ઉત્તમ આહાર વિહારથી, અને યોગ્ય પ્રયોગથી શકિત કાયમ રાખવા અગર શકિત વધારવા યત્ન પ્રયત્ન કરવા એજ ઉત્તમમાં ઉત્તમ ડહાપણ છે.

જ્યાં લગી શરીરમાં શકિત છે ત્યાં લગી ધોળાં પળિયાં આવ્યા છતાં પણ તે જવાંમર્દ જેવો મનાય છે, જ્યાં લગી શકિત છે ત્યાં લગી દરેક જન આદર આપે છે, અને જ્યાં લગી શકિત છે ત્યાં લગી સંસાર-વ્યવહાર કે ધર્મ કર્મ સાધન કરી-આત્મકલ્યાણ કરવાની કરણી કરી જીવનનો લ્હાવ લેવાનું બની શકે છે. પણ શકિત ઓછી થઈ કે યુવાન છતાં પણ ઉતરી ગએલા ટપ્પાના ઘોડા જેવો ગણાય છે, શકિત ઓછી થઇ કે દુશ્મનો મોરચા માંડે છે, અને શકિત ઓછી થઇ એટલે બારે વ્હાણ ભરદરિયામાં બુડી જાય છે, શકિત ઓછી થવી એજ ઘડપણ છે, અને શકિતનો નાશ થવો એજ મ્હોત કહેવાય છે; માટેજ સહુથી પહેલાં એજ માનવની ફરજ છે કે દરેક પ્રકારથી પોતાની તન્દુરસ્તી સાથ શકિત-વીર્ય વધારવાના ઉપાયો હાથ ધરવા અને બળવાન બની જીવનનો લ્હાવ લેવો.

આળસ એજ આપણો શત્રુ છે, આળસ એજ ખાનાખરાબીનું પહેલું પગથિયું છે, આળસ એજ ભેલડીનો વળગાડ છે, આળસ એજ ઉન્નતિને ખાડી કહાડનાર કોદાળી રૂપ છે, આળસ એજ સુ-

---

મન તનની ખરાબીનું મૂળ ધાતુ-બિગાડજ છે અને એ ધાતુ બિગાડનું ભયંકર મૂળ મટાડનાર શુક્રસંજીવનીજ છે!

બનું સત્યાનાશ વાળનાર છે, અને આળસ એજ ગુણો–હુન્નરો વગેરે શીખતાં અટકાવવાની મનાઈચિઠ્ઠી છે, અને આળસ એજ ઉદય જન્મ બંધ કરવાનું સબળ સાધન છે. માટે આળસ તજો. ઉદ્યમને ભજો! નસીબ પર આધાર રાખી બેસી ન રહો! નસીબ ઉદ્યમ વિના મદદ આપનારજ નથી એવો ચોક્કસ નિશ્ચય કરો! નસીબના નામનાં રોદડાં આળસુઓજ રોયા કરે છે, પણ ઉદ્યમી નસીબને ખિસતું જ-તુંજ જોયા કરે છે! આજ કરીશું–કાલ કરીશું–હજુ કાંઇ હરકત જેવું નથી–વગેરે આળસનો આસરો લઈ બેઠા છો તે તુરત બંધ પાડો! કાલ જે કરવું હોય તે આજ કરી લ્યો! અને ઘડી પછી કરવું હોય તે હમણાંજ કરી લ્યો; કેમકે જે તક જાય છે તેજ તમારી છે; પણ તે તક છટકી ગઈ તો પછી ફરી મળનારજ નથી દવાઓ તૈયાર છે, વૈદો તૈયાર છે અને સમય પણ મોજૂદ હોવા છતાં હવે કોની વાટ જોવી? રોગ ચાંપતાં પગલાં તમારી સામે ભરી રહેલ છે, જીંદગી પાણીના રેલાની પેઠે ચાલી જાય છે, મનસૂબા સરસૂબા સમાન કર્યેજ જાઓ છો અને મોત નજીક આવતું જાય છે, માટેજ વેળાસર ચેતો! પાણી આવ્યા પહેલાં પાળ બાંધો. લુંટાયા પહેલાં ચોકીદારોની મદદ લ્યો અને દીવો ગુલ થયા અગાઉ પૂરતું તેલ પૂરી તેને ઝગમગતો બનાવો!

તમો કદાચ પ્રશ્ન કરશો કે વીર્ય–શુક્ર–ધાતુરૂપી તેલવડે પ્રકાશ પામતા શરીર રૂપી દીવટ સહિત જીવનરૂપ જગમગતી રોશની હમેશાં

---

શુક્રસંજીવની ગુટિકા દેખાવમાં સુંદર, સઘળી ઋતુઓમાં સરખો ફાયદો આપનારી, ગુણમાં ઉત્તમ અને કોઈ પણ જાતના ભય વિનાની હોવાથી સર્વ કોઇ તેનો ઉપયોગ કર્યે જાય છે.

જેવી ને તેવી રાખવા માટે તમારી પાસે કોઇ ચમત્કારિક દવાછે ? તો તેના ઉત્તરમાં અમો પ્રતિજ્ઞાપૂર્વક વિશ્વાસ આપી કહીશુંકે, અમારીપાસે

## " શુક્રસંજીવની ગુટિકા "

એટલે કે શુક્ર (વીર્ય) ને સંજીવન (સજીવ) કરનારી કે સંજીવન રાખનારી ગોળી છે અને એ ગોળી અત્યાર લગણ જે વર્ણવી ગયા અર્થાત્ નબળાઇ, ધાતુનું પાતળાપણું, હસ્તકર્મ દોષ, સ્વપ્નદોષ, શીઘ્રવીર્ય—પતન, બરડાનું ફાટવું, અંગનું તૂટવું. મગજની કમજોરી, હોજરીનો બિગાડ, લોહીવિકાર, દુર્બળતા, શરીરનું લુખાપણું, ચહેરાપરની ફીકાશ, શ્વાસનું ચઢવું, થોડી મહેનતે વધારે થાક જણાવો, કામ કરવાપરનો કંટાળો, નિરૂત્સાહ, પ્રદર, ગર્ભાશયની બીમારી, વાંઝીયાપણાના દોષ, અતિ વિષય વડે થતી હાનિયો અને અશક્તિ ને લગતાં એકંદરે તમામ દર્દો, જો નિયમથી સેવન કરે તો તે દર્દોને જડમૂળમાંથી અમારા ઔષધાલયમાં બનતી,

## શુક્રસંજીવન ગુટિકા,

ઉખેડીજ નાખે છે. નવી રોશની, નવી જીંદગી, નવી ખુબી અને નવીન મજા આપી આનંદમાં લીન રાખે છે, તથા ધાતુને લગતી તમામ બાજીને સુધારી પોતાનું ખરૂં હૈવત દાખે છે,

આ દુનિયામાં દર્દી ગણાઇને, સ્ત્રીઓનો અનાદર સાંભળીને, નામર્દ—વાંઝીઆ લેખાઇને, અને પુરૂષાર્થ કર્યા વિના સુવે ત્યાંકરૂ જીવીને ફરવું એ કરતાં તો મરવું બાંધણી કરવાંની અતિતર છે.

શરીરમાં લોહી અને વીર્ય એ બેની છત હોય તો સુખમાણી રહેવાય છે; માટે એ બેઉ સારાં અને જથાબંધ રાખવા **શુક્રસંજીવની ગુટિકા ખાસ વાપરવા લાયકજ છે,**

## શુક્રસંજીવની ગોળી.

કવિયો, લેખકો, વકીલો, બેરીસ્ટરો, મહેતાજીઓ, વિદ્યાર્થીઓ, ભાષણકારો, અમલદારો અને તલાટીઓ તથા મગજમારીનાં કામ કરનારાઓને માટે ઘણીજ ગુણકારી છે, કેમકે, એ જ્ઞાનતંતુઓની નબળાઈ દૂર કરી ( જ્ઞાનતંતુઓને ) બળવાન બનાવે છે.

## શુક્રસંજીવની ગોળી.

જડિયા, ચિતણીઆ, નકસી કામ કરનારા, ચીતારા, લૈયા, જર દોસી કામ કરનારા, ભરનારા, ગુંથનારા, દરજી, મોચી, સુતાર, સલાટ, કડિયા, રસોઇયા, જોસી, ડોસી, અને બારીક કામ કરનારાઓને બહુજ સારી મદદ આપે છે; કેમકે આંખોને તમામ દર્દોથી દૂર રાખી રોશનીદાર બનાવે છે અને આંખોને પુષ્ટિ આપે છે.

## શુક્રસંજીવની ગોળી.

કાન, નાક, મ્હોં વગેરેમાં થતાં દર્દો ભગંદર, મસા, વાઈ, વાયુ, વાયુથી થનારા વાતરોગો, હીસ્ટીરિયા, ધેલાંઘેળાપણું, પેટનાં દર્દો, બરળ, કાળજાનાં-છાતીનાં દર્દો, ખસ-ખુજલી વગેરે રક્તવિકારનાં દર્દો, ઉપદંશ, વિસ્ફોટક વગેરેથી થએલી હાનિ, અને મનની, મગજની તથા વચનની નબળાઈ આદિને સારી રીતે સુધારી શકે છે.

## શુક્રસંજીવની ગોળી.

જૂના રોગોને આગળ વધતા દેતી નથી, હોય તે રોગોની જડ ઉખેડવા તૈયાર રહે છે અને નવા રોગોને થવા દેતી નથી, તેમજ ભૂખ લગાડે છે, રૂચિ પેદા કરે છે, ખોરાક પચાવે છે, દસ્ત સાફ લાવે છે, મનને ખુશાલી સાથ સંચળતા આપે છે, નિદ્રા લાવે છે. અને હીસા દર્દોને હઠાવી હિમ્મતદાર બનાવે છે.

## શુક્રસંજીવની ગોળી.

સ્ત્રીઓના અટકાવ સંબંધી રોગ, વાંઝીઆપણું થવાનાં કારણ, ધાતુનું વહેવું, ગર્ભાશયની નબળાઇ, મૂત્રાશયની બીમારી અને કસુવાવડ—ગર્ભનું ગળવું વગેરેને બંધ પાડે છે. તેમજ પ્રસવ સમય પછીની ધાવણની અવસ્થા પછીની થએલી કમજોરી અને ફીકાસ દૂર કરે છે.

## શુક્રસંજીવની ગોળી.

બાળકોને તન્દુરસ્ત રાખે છે, શરીર હૃષ્ટ પુષ્ટ બનાવેછે, તેમની યાદશક્તિ વધારી ભણવામાં ને હુન્નરમાં મન લગાડે છે, દિલને તાકત આપે છે અને તેમને નિડર, તેજ મિજાજનાં બનાવી મજબુત મનનાં કરે છે.

## શુક્રસંજીવની ગુટિકા.

બેશક વીર્ય અને શક્તિને વધારી તાકાદે ઘણા રોગોનો અંત લાવે છે, જીનાં કોઈ સાબિત કરી બતાવશે કે—આ ગોળીઓમાં વીર્ય અને શક્તિ વધારવાનો ગુણ નથી તો તેને રૂ. ૫૦૧ નું ઈનામ આપીશું.

સાહેબો—આ ગોળીઓ (ખાવાથી) મરદોને નામર્દાઈ—કમજોરી અશક્તિના વખતમાં શક્તિને વધારી વીર્યને સુધારી વધારી આનંદ આપે છે. નસોની, શરીરની તથા મગજની **નબળાઈ દૂર કરે છે.** નાશ પામેલી મર્દાઈથી લાસ થઈ પડનારા દર્દીઓને મર્દાની આપી **જવાંમર્દ બનાવે છે.** સ્ત્રીઓને સંતતીનું સુખ બક્ષે છે, તેમજ તેમના ધાતુવિકારનાં દર્દોનો નાશ કરી **ખુબસુરતી** વધારી ગર્ભાશયને **નિરોગી** બનાવે છે, અને ગર્ભનું પોષણ કરી **હૃષ્ટપુષ્ટ** બનાવ્યા સાથ નિર્વિઘ્નપણે બાળકને જન્મ અપાવી **ચહેરાને ગુલાબી બનાવી ઉત્સાહી કરે છે.**

યાદ રાખવાની જરૂર છે કે—શુક્રસંજીવની ગુટિકા—ગોળી પુરૂષત્વ પ્રાપ્ત કરવામાં સારામાં સારૂં ઔષધ છે, નિરાશ થએલા મનુષ્યોની આશા સફળ કરવા કલ્પવૃક્ષ તથા અમૃતનો ઓધ છે અને સંસારનો ફેરો સુખાકારી બનાવવામાં એક મહાત્માના આશિર્વાદ સ્વરૂપ છે. તેમજ—

સુસ્તી, શિથિલપણું, કમરનો દુખાવો, મગજનું કળતર, કફ, દમ, અજીર્ણ, ચસકા, વારંવાર થતો પેશાબ, હદથી વધારે થતો પેશાબ, પેશાબ સાથે ધાતુનું પડવું, ઉંઘમાં પેશાબ થવો, ધાતુક્ષય, ક્ષય, ખાંસી, દરેક વિકારનો ધાતુશ્રાવ, ધનુર્વાયુ, કરમિયા, વાયુગોળો, પિતકમળી, માથાની પીડા, સોજા, જાથુની બદહજમી, આંતરડાની કમજોરી, ઝાડાની કબજીઅત, શરીર અને છાતીમાં થતો દાહ, સંગ્રહણી, પેટનું ચડવું, ખારા, તીખા, અને ગંધાતા ઓડકારનું આવવું, ચૂંક હેડકી, લાંબા વખતનો મરડો, આમવા, અતિસાર, પેટની પીડા, ખોરાક લીધા પછી થતી ઉલટી, ઉર્દ્વવાયુ, ચુંથારો, વેણુચુંટા, સફેરાનાં દર્દો, આંબળ, હરસ, આંખની કમજોરી, સંધીવા, જુનો પ્રમેહ, દુર્બળતા, વગેરે વગેરે દર્દોનો આ શુક્રસંજીવની ગુટિકા એકદમ નાશ કરી સદા નિરોગી રાખે છે, કાન્તી વધારે છે, ચાલાકી બક્ષે છે હીંમતેબહાદુર બનાવે છે, અને મનની મુરાદમાં ફતેહ આપે છે, તથા ન ઉછરતાં બાળકોને ઉછેરવામાં ઉમદા મદદ આપે છે.

આમ હોવાને લીધે આ ગોળીઓ બાળકોને, જુવાનોને, વૃદ્ધાઓને, સ્ત્રીઓને, રોગીઓને, નિરોગિઓને, ભોગીઓને, જોગીઓને, અને વિયોગીઓને એમ સર્વને ખાવા લાયક છે, કેમકે રોગીના રોગ મટાડે છે અને નિરોગીને મનમાનતી મોજ આપે છે. છતાં ગોળી

૧૫૦ ની ડબ્બીની કીમત રૂ. ૨–૮–૦ જ છે. બસ વાપરી ખાત્રી કરી તેનો આનંદ મેળવો એટલે આનંદ, આનંદ.

હવે જે ત્રણે બાબતો કહેવાની હતી, તે કહેવાઇ; પરંતુ **ગર્ભ ન રહેવાનાં કારણો, ઉપાયો તથા ગર્ભવતીને પાળવાના નિયમો અને બાળકની ભાગ્યદશા ખીલવવાની કેળવણી** એ બાબત પર સ્હેજ અજવાળું પાડવાની જરૂરજ છે, માટે ટુંક વિવેચનથી તે બિના દર્શાવી ચાલતા વિષયની સમાપ્તિ કરવા માંગું છું.

## ગર્ભ ન રહેવાનાં કારણો.

જે સ્ત્રી યોનિના રોગવાળી, ગર્ભાશયની બીમારીવાળી, ઉપદંશના (ચાંદીના, ગરમીના) દર્દવાળી, ગર્ભ રહેવાનાં કારણોથી વિરૂદ્ધ વર્ત્તનવાળી, પુરૂષના ચિન્હ કરતાં ઉંડી યોનિવાળી, ગર્ભ ન રહેવાના વિચારવાળી, અતિ વિષયાશક્ત રહી હદપાર વિષય સેવનારી, ગર્ભશ્રાવ અને ગર્ભપાતનાં ઓષડો અમલમાં લઇ નિર્બીજ બનેલી, માંદગી, અશક્ત, ભયંકર રોગોથી ઘેરાયલી અને વિશેષ ચિંતા, ભય, માર, ખેદ, ક્રોધ ઇર્ષા, અને બીજાં બાળકોપર હીણી નજર રાખનારી તથા પૂર્વનાં પાપોથી જકડાયલી હોય છે, તે સ્ત્રીને ગર્ભ રહેવા પામતો નથી. યા પુરૂષવીર્યજ બીજોત્પત્તિથી રહિત હોવું જોઇએ.

જે જે કારણ ગર્ભ રહેવામાં નડતર કરતાં હોય તે તે કારણોને શોધી કહાડી તેમને બાધ પાડવાના માર્ગ લેવા, ગર્ભ રહવાની દવાઓ સેવન કરવી અને ગર્ભને પુષ્ટિ મળે તેવા ઉપાય યોજવા, જેથી ગર્ભવંતી થાય છેજ !

---

## વાંઝણી કોણ કહેવાય ?

જે ઝાડને ફુલ આવે છે તે ઝાડને અવશ્ય ફળ લાગવાં હોવાંજ જોઈએ; પણ જ્યારે ફુલ આવવા છતાં ફળ નજરે પડતાં નથી અગર ઉછરતાં નથી ત્યારે તેની હરકતો સંબંધી કારણ શોધી કહાડવાં જોઈએ. હા જેને ફુલ લાગતાંજ નથી તો બેશક તેને ફળ ન જ લાગવા જોઈયે અને તેને વાંઝીયું ઝાડ કહેવું જોઈયે.

જે સ્ત્રીને અટકાવ આવે છે તેને છોકરાં જરૂર થવાંજ જોઈયે અને અટકાવ આવવા છતાં છોકરાં ન થતાં હોય તો તેમ થવામાં કંઈ હરકત નડે છે તે ખાસ તપાસવું જોઈયે. વાંઝણી હોય છે તેને અટકાવ આવતોજ નથી એમ અમારૂં માનવું છે. પણ અટકાવ આવવા છતાં છોકરાં થતાં ન હોય તે વાંઝણી ન કહેવાય.

* એક જન્મ—વંધ્યા છે તે જન્મથીજ વાંઝણી હોવાથી તેને અટકાવ આવતોજ નથી અને બીજી દોષ—વંધ્યા છે તેને કંઈ રોગ કે બાપના નડતરને લીધે છોકરાં થતાં નથી, જીવતાં નથી કે છોડ થઇ જાય છે.

## વાંઝીયાપણું પ્રાપ્ત કરનારાં સાત કારણો.

સ્ત્રીની યોનિના કમળમાં વાયુનો વધારો હોય તેથી ગર્ભને માટે વીર્યબીજ ઠહેરી શકતાં નથી. ૧. કમળ ઉપર માંસ ચડી ગયું હોય તેથી વીર્યબીજ કમળની અંદર દાખલ થઈ શકતું નથી. ૨. કમળમાં જીવ—કીડા હોય, તેથી વીર્યબીજને તે ખાઈ જાય છે. ૩. કમળની પાંખડી તુટી ગયેલી કે કમળ ઉપર ડંક હોય તેથી વીર્યબીજ વહી જાય છે. ૪. કમળનું મ્હોં ફરી ગયું કે ફુલી જતું હોય તેથી વીર્યબીજ તેમાં પેસવા પામતું નથી. ૫. કમળ ઉપર જાળું હોય

તેથી વીર્ય લોહી રૂપે બની જાય છે. ૬. અને કોઈ દેવદોષ કે પૂર્વ-પાપની નડતર હોય તેથી ગર્ભ રહેવાજ પામતો નથી. ૭.

આ સાત કારણોમાંથી કયું કારણ નડે છે તે જાણવા માટે જરૂર આવ્યેથી મફત સલાહ આપવામાં આવેછે.

## ગર્ભ રહેવાના ઉપાય.

ધણી ધણીઆણીએ પરસ્પર વિશેષ પ્રેમ રાખી વર્તવું. વીર્યવા-હિની તથા દુગ્ધવાહિની અને રૂધિરવાહિની રગોમાં નિર્બળતા હોય તે દૂર કરવી. યોનિદોષ હોય, ધાત વહેતી હોય, અટકાવ નિયમસર ન આવતો હોય કે તેમાં પીડા થતી હોય તે રોગો મટવાના ઉત્તમ ઉપાય કરવા. ચાંદી પ્રમેહ ચૂંક વગેરે રોગોનો અંત લાવવો. શરીર બ-હુજ ફુલી ગયું હોય કે ઘણુંજ દુબળું થઇ ગયું હોય તો તે માટે યોગ્ય ઇલાજ લેવા. દારૂ પીવાની આદત હોય તો તે બંધ કરવી. કુટેવોને બંધ પાડી માતુને દૃઢ બનાવવી, યોનિ આદિની લંબાઈ ઉંડાઇનો તફાવત હોય તો તે યુક્તિથી ભાંગી નાખવો. મર્યાદા પ્રમા-ણેજ સંયોગ-ક્રિયામાં મન લગાડવું. શરીર નિર્બળ હોય તો બેઉએ બળવંત-વીર્યવંત લોહીવંત થઇ શુદ્ધિ પૂર્વક સંતાન-પ્રાપ્તિનો યોગ્ય મોસમે પાઠ ભણવો. દેવદોષ કે પાપદોષનું નડતર હોય તો તેમાટે ચમત્કારિક ઉપાયો દાન પુન્ય આદિનો ઉપયોગ કરવો. અગર તો આ શિવાય કોઈ અન્ય કારણો નડતાં હોય તો તે કારણોનાં મૂળ શોધી તે માટે અકસીર ઇલાજો આદરવા, તેથી અવશ્ય ગર્ભ રહે છે.

ગર્ભ રહ્યા પછી ગર્ભવંતીએ ચિંતા ભય ઉદ્વેગ ક્રોધ ઇર્ષા સંયોગ વગેરેનો ત્યાગ કરવો. ગર્ભને સુખાકારી જણાય તેવાં ભો-જનો કરવાં, ગર્ભને ધક્કો પહોંચે તેવી મસ્તી કુસ્તી કે ધસારો ધ-

સારો આદિ સંભાળવું. હદથી વધારે ગરમ ઠંડી કડવી કસાયલી ખારી ખાટી ઉન્હી તાઢી સત્વગરની ઉગ્ર અને બળતરા કરનારી ચીજો ન ખાવી. ઘણો તડકો તાઢ તાપ વરસાત ન વેઠવો. વ્યભિચારી નઠારી વાતો વાંચવી કે ચિંતવવી નહી. ઉજાગરા ન વેઠવા. ખરાબ દેખાવનાં ચિત્રો, ચેપી રોગીઓ, કદરૂપાં માણસો, ગંદી ચીજો, વિકરાળ પશુ પંખીઓ ન જોવાં. ઉમદા વિચારો કર્યા કરવા. જે ગુણથી સંયુક્ત બાળક બનાવવાની ઇચ્છા હોય તે ગુણ ઉપરમાં જીવ લગાડવો. શરવીરતા ભર્યા સદ્‌ગુણ ભર્યા ધર્મ નીતિ ભર્યા પુસ્તકો વાંચી વિચારી મનન કરવાં. સારી હવા અને મનપસંદ હવાની જરૂર વખતે મદદ લેવી. વાહનોમાં બેસી ખાડા ટેકરા પથરાવાળી જગોમાં ઝપટબંધ પંથ પસાર ન કરવો. જે જે વિચારણા કે ચીજ ખાવા જોવાની ઇચ્છા થાય તે તે પૂરી પાડવી. રેચ ઉલટીનાં કે ગર્ભને અથવા જીવને તકલીફ પહોંચે તેવાં ઓસડો ઉપયોગમાં ન લેવાં. ઘણું હસવું-આંખ્યો આંજવી-ઘણું બોલવું-ઘણું ગાવું-ઘણું સુવું ઘણું ખાવું-ઘણો વાયરો લેવો-ઘણું રોવું-ઘણો વાદવિવાદ કરવો-ઘણો જીહ્વાસ્વાદ કરવો અને હરવું ફરવું ન કરતાં એશઆરામમાં પડવું એ નુકશાનકારક છે. માટે એઓને ત્યાગવાં જેથી ગર્ભ સુખ પૂર્વક નિરોગી ભાગ્યશાળી લાંબી જીંદગીવાળો થાય છે અને પૂરે દિવસે અવતરી માવિત્રનાં મન આનંદ સહિત બનાવે છે.

## છોકરાંઓને કેવી કેળવણી આપવી ?

ગર્ભ રહે તે વખતે અને તે વખત પછીથી, તેમજ સુવાવડ વખતે કરવામાં આવતા સંસ્કારોના સમયમાં અને ધાવણ ધવરાવતી વખતે તથા ખોળામાં રમાડતી-વાત સંભળાવતી-નિશાળે મોકલાવતી રીત રસમ શીખવાડતી વખતે પોતે સદાચાર સુનીતિમાં વર્તી-ઉચ્ચ

ભાવના રાખી બાળકને ઉંડી લાગણી સાથે સારી તાલીમ સહિત તેનાં અંતરમાં છાપ બેસાડવી. તેથી તે દેખે તેવું, સાંભળે તેવું અને બતાવે તેવું શીખે છે અને તે તે શીક્ષાના આધારે આખી જીંદગીને માટે સારો મજબુત પાયો નાખી શકે છે. છોકરાના દેખતાં માબાપજ ખરાબ ચાલચલગત રાખે, જુઠું બોલે, ચોરી માટે તિરસ્કાર ન બતાવે દુર્વ્યસનથી ન અટકે અને એવાંજ અસદ્વર્ત્તન અમલમાં આણે તો પછી બાળકો સારાં શી રીતે નીવડી શકે ? કેમકે:—

( છપ્પો. )

જેવું ખાએ અન્ન આવે ઉદ્‌ગારજ તેવા,
જેવા કરે વિચાર અમલમાં આવે એવા;
રાખે જેવી રીત યોગ્યતા તેવી જામે,
કરેજ જેવાં કામ ભુકતફળ તેવાં પામે;
જેવાં વાવે ઝાડ નિત ફળ તે તેવાં ચાખશે,
જેવાં માતપિતા હશે છોરૂજ તેવાં પાકશે !

માટે છબી પડાવતી વખત જેવું વર્ત્તન હોય તેવી છબી પડવાની વિચારણા ધ્યાનમાં લઇ ગર્ભથી માંડી ભણીગણી ઉઠે ત્યાંસુધી સારી છાપ બેસવાનાં યત્નો આદરી નામાંકિત છોરૂ નીપજાવી જન્મ સફળ કરવો. સંસારમાં છોરૂ એજ મીઠાં ફળ સમાન આનંદ આપનાર છે. તેના વિના સેંકડો જણ ભૂલ્યાં ભટકી અનેક ફાંફાં મારી ઠગારાઓના કર્ત્તવ્યથી ઠગાય છે અને આબરૂ લુંટાવી છોકરાંઓનું સુખ મેળવવા ઉમંગી રહે છે. પરમાત્મા ! સર્વ જણને સાજાંતાજાં બનાવી સારાં ફરજંદો આપી ધન ધાન્ય આદિથી ભરપૂર રાખી તારી ભક્તિમાં લીન બનાવ ! એજ ઇચ્છા અને આશા ! અસ્તુ !

( રાહ લાવણીનો. )

વીર્ય વધારો શુક્ર સુધારો વીર્યવંત રહેવાને વીર,
વીર્યતણી આબાદિ થાતાં થશે આબાદ સુરંગી શરીર;
ધાતુ વિના તનખાતું બગડી ભાતું કાળતણું જ થશે,
સારી તજી તૈયારી કરીને પ્યારી દુનિયાં છોડી જશે;
માટે કહ્યું માનીને મિત્રો મૂકવી સ્વર્ગતણો મેવો,
શુક્રસજીવન રહેવા માટે શુક્રસંજીવની નિત સેવો ! ૧

શુક્રસંજીવની ઔષધિ ખાતાં વીર્ય પરાક્રમ વધે જરૂર,
ચાદી વધે ઉત્સાહ વધે વળિ વીરધીરતા વધે સનૂર;
વધે બુદ્ધિ-બળ હિમ્મત કિમ્મત હર્ષ અને ઉત્કર્ષ વિશેષ,
વધે પુત્ર પરિવાર પ્રતિષ્ઠા મનબળ ધનબળ વધે અશેષ;
અનેક સુખ આપે એ અહનિશ ચમત્કાર એમાં એવો !
શુક્રસજીવન રહેવા માટે શુક્રસંજીવની નિત સેવો ! ૨

રોગ મટાડે શોક નસાડે ભીતી ભગાડે મૂળ સમેત,
શત્રુ નમાડે ફિકર ગમાડે પાર પમાડે કાર્ય-સકેત;
બન્ને દુનિયામાં વિજયી થઈ નામાંકિત નર નિવડે બેશ,
લગની સાથ જો સદા સેવે તો કદી કલેશ નવ પામે લેશ;
નવજીવન બક્ષવાનો જેમાં ગુણ 'જાફર' જીવન જેવો,
શુક્રસજીવન રહેવા માટે શુક્રસંજીવની નિત સેવો. ૩

## આ પુસ્તક વાંચનાર સાહેબો પાસે અમારી

## એક જાહેર માંગણી.

ચાલુ જમાનામાં વૈદ્યક વિદ્યાની અછત, ખરાબ વિચાર, ખરાબ સોબત અને મનની નિર્બળતાને લીધે ઉછરતી વયના યુવાનો પોતાની તેમજ પોતાની સંતતીની આરોગ્યતા શામાં સમાયલી છે, તે તરફ જરાતું ધ્યાન નહિ આપતાં વીર્ય (શક્તિ) કે જે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ મેળવવાનું મુખ્ય સાધન છે તેનો ગેરઉપયોગ કરી પોતાને તેમજ પોતાની આલ ઓલાદને વારસામાં હંમેશની નબળાઇ આપતા જાય છે તેવા માણસોને તેવા અંધપણામાંથી મુક્ત કરાવવા તેમને ચાનકદાર બોધ-ઠપકો આપી, તેનાથી થતી ખરાબી અટકાવવા માટે, આરોગ્ય જાળવવા માટે અને દિર્ઘાયુના સાધનોનું જ્ઞાન થવા માટે અમોએ આ બુક બહોળા ખર્ચે તૈયાર કરી તેની કાંઇજ કીમત ન રાખતાં તદ્દન મફત વહેંચવાનો ભારે પ્રયાસ ચાલુ રાખ્યો છે, તો આ પુસ્તક વાંચનાર સજ્જનો પાસે અમારી જાહેર માંગણી છે કે આ પુસ્તક વાંચી તેના ઉપયોગીપણા માટે વ્યાજબી અભિપ્રાય લખી મોકલશો કે જેથી તે અભિપ્રાય થોડા વખતમાં અમારા તરફથી બહાર પડનારી સરટીફીકેટ બુક નામની ચોપડીમાં દાખલ કરી શકાય.

# આરોગ્યવર્ધક ઔષધાલયનાં પુર્ણ વિશ્વાસપાત્ર અકસીર ઔષધો.

## કામેશ્વર–રસ વા કામોદ્દીપન–ગુટિકા.

આ ગુટિકા શરીરને શક્તિ આપી વીર્યને પૂર્ણ પ્રમાણમાં પ્રદિપ્ત કરી નેત્રને જોઇતી રોસની આપી આંખના તેજની વૃદ્ધિ કરી આયુષ્યને ટકાવી રાખનાર છે, વૃદ્ધાવસ્થાને પણ યુવાવસ્થા પ્રાપ્ત કરાવે છે, મગજ પ્રફુલ્લિત કરી વાણીને શુદ્ધ કરી કંઠનું હિતકર છે, સ્મરણ-શક્તિ આપી બુદ્ધિની વૃદ્ધિ કરવા ઉપરાંત વાપરવામાં પ્રિય છે, વૃદ્ધા-વસ્થાને લીધે શરીરમાં પડેલી કડચલી દૂર થઈ વ્યાજબી પ્રમાણમાં લોહીનો જથ્થો ભરાઇ જાયછે, તેમજ શરીરમાં રહેલી સાતે ધાતુઓ (રસ, રકત, માંસ, મેદ, અસ્તી, મજ્જા અને વીર્ય) ને જોઇતું પોષણ મળવાથી શરીર હૃષ્ટપુષ્ટ અને મજબુત કરે છે. જઠરાગ્નિ તેજ કરી દસ્ત નિયમિત લાવે છે. તેમજ ક્ષય, સન્નિપાત પ્રમેહ પેટના રોગ ગડગુમડ–ઝેર–કૃમી–કોઢ રકતવિકાર વગેરે ભયંકર રોગોનો ભય દૂર કરી શરીર દ્રઢ બનાવે છે. સંતતી પણ સુંદર પ્રૌઢ આયુષ્યવાળી તેમજ મન તનની મજબુત અને સિંહ જેવા પરાક્રમવાળી પ્રાપ્ત કરાવે છે, ગોળી ૧૧૦ની ડબી ૧ની કી રૂ ૧૦–૦–૦

## તાજુબી યોગ્ય તિલો.

આ તિલાનો માલેશ કરવાથી છુપા ભાગની રગો નરમ પડેલી હોય તે ફરી ટટાર થાય છે અને જરૂર વખતે અત્યંત આનંદ મળતાં સંસારનો લ્હાવ લેવામાં ફતેહ મેળવાય છે. કી. ૦ાા તોલાની શીશીના રૂ. ૧—૦—૦

## શુક્રસંજીવની-ગુટિકા.

ઓછી થએલી શક્તિ અને ધાતુને વધારી જઠરાગ્નિ તેજ કરી ભુખ લગાડી ખોરાક પચાવી દસ્ત સાફ લાવે છે. ગુમ થએલી યાદ-શક્તિ નિત કરી અભ્યાસ કરવામાં આવતો કંટાળો દૂર કરી મગજને પુષ્ટી આપી નાડી તંત્ર શાંત છે, કામ કરવા તરફ થતો અણગમો નાબુદ કરી ફુરતી સાથ કામ કરવા ઉપર ઉમંગ કરાવે છે ઊંઘનાં, પેશાબમાં કે કોઇ પણ આડે માર્ગે જતી ધાતુ બંધ પાડી મુત્રાશયનાં તમામ દરદો દૂર કરે છે.

અજીર્ણ ગુડ-ગુડાટ વગેરે પેટના વાયુના રોગો ઉડાડી બ્યાજબી અગ્નિ પ્રદિપ્ત કરે છે.

કોઇપણ કુટેવથી આવેલું ખરાબ પરિણામ શુક્રસંજીવનીથી દૂર થઇ શરીર પુષ્ટ અને મજબુત થાય છે તેમજ પાતળી પડેલી ધાતુ ઘટ્ટ ( જાડી ) બની શરીરની દુર્બળતાનો નાશ થાય છે. ચહેરાની કાન્તિમાં વધારો થઇ લોહીવિકાર, હરસ, સંધીવા વગેરે રોગો ગુમ થઇ, કામ, ચિન્તા અગર અભ્યાસના વધારે બોજાથી ખાલી પડેલું મગજ તર થઇ તર્કશક્તિવંત બને છે.

સ્ત્રીને અનિયમિત આવતો અટકાવ નિયમિત થઇ તેમાં થતી પીડા, તેમજ તેને લગતાં દરેક રોગોનો નાશ થઇ શરીર તંદુરસ્ત અને નિરોગી થાય છે. વધારે અગર ઓછો આવતો અટકાવ ચોક્કસ પ્રમાણમાં આવવા લાગે છે. તેમજ કસુવાવડ થવાનાં કારણો બંધ પડી ગર્ભનું રક્ષણ થવાથી તે બાળક પુષ્ટ કાન્તિવાન અને દિર્ઘાયુષી બને છે. **ગોળી ૧૫૦ ની ડબ્બી ૧ ની કીં. રૂ. ૨)**

## શુક્રસ્થંભનગુટિ.

**આ ગોળીઓ સમાગમ વખતે જલ્દીથી સ્ખલિત થનારને માટે અકસીર ઉપાય છે તેમજ સ્ત્રી પુરૂષ બેઉને આનંદ આપે છે, એટ-**

શું જ નહીં પણ બંધેજની દવાથી જે નુકશાન થાય છે તે આ દવાથી બિલકુલ ન થતાં ઉલટી તાકતને વધારી મોજ આપે છે. કીં. ગોળી ૧૨ ની ડબ્બી ૧ નો રૂ. ૧—૦—૦

## પુષ્ટિપ્રદાયક ચુર્ણ.

કોઈ પણ કારણને લઇ ધાતુઓ નબળી પડી જતાં કમતાકત વધી પડી માણસ નકામું થઇ પડે છે, એટલે કે છુપા ભાગમાંથી ચીકણું પાણી શ્રવે છે, પેશાબમાં ધાત જાય છે, પાતળી પડી જાય છે, બગલમાં મ્હોંમાં કે દસ્તમાં ધાત જતી હોય છે તે અને સ્વપ્ન-વિકારથી વીર્ય સ્ખલિત થતું હોય છે તે સઘળા રોગો કે, એમાંનો કોઇ પણ એક રોગ થવાથી વીર્ય પાણી જેવું થઇ જતાં સંસારનું સુખ ન મળતાં ફક્ત કંટાળોજ ભેટે છે. તેવા દર્દીઓને શુક્રસંજીવનીની સાથે આ ચૂર્ણ વાપરવાથી તે બેહદ તાકત આપી વીર્યને ઘટ્ટ બનાવી શરીરમાં નવી જુવાની બક્ષે છે અને વીર્યનો ટકાવ કરી સંસારને મીઠો બનાવે છે. કીંમત ડબ્બી ૧ નો રૂ. ૧—૦—૦

## ચંદ્રપ્રભા ગુટિકા.

આ ગોળી, જેમ ચંદ્રમાની ચાંદની, ગરમીથી પીડાતા મનુષ્યને શીતળતા બક્ષે છે, તેમ પ્રમેહના દર્દીને બળતરાથી અને તે દર્દથી મુક્ત કરી શીતળતા બક્ષે છે. મતલબ એજ કે આ ગોળી પચીસ જાતના પ્રમેહ પૈકી સાધ્ય પ્રમેહોને સારી પેઠે મટાડી ધાતુને મજબુત કરી શરીરને તાકત આપી હષ્ટપુષ્ટ બનાવે છે. તે શિવાય મૂત્રકૃચ્છ્ર મૂત્રઘાત, અતિસાર, સંગ્રહણી, ક્ષય, ભગંદર, કમળો, પાંડુ અને મંદાગ્નિને જડમૂળમાંથી ઉખેડી નાખી જઠરાગ્નિને સતેજ કરે છે. વીર્યને વધારે છે. પેટનાં દર્દોને નાબુદ કરે છે, લોહી સુધારે છે, વિલાસની મોજ બક્ષે છે, અને બીજાં પણ કેટલાંક દરદોને મટાડી વિમળ કાંતિ આપે છે. ગોળી ૪૮ ની ડબ્બીના રૂ. ૨—૮—૦ છે.

# ૫૦૧ રૂપિયાના ઇનામવાળી

## જ્વરહર—ગુટિકા.

( દરેક જાતના તાવોનો નાશ કરનારી અકસીર ગોળિયો. )

ફાયદો ન થાય તો પૈસા પાછા. ખાસ પરેજી કરવી નથી.

મતલબ કે કોઇ પણ જાતનો, એટલે કે–રોજિંદો, એકાંતરિયો ચોથિયો, ઉન્હો, ટાઢિયો અને ચાલુ જમાનાના નવી નવી જાતના ઉડતા ચેપી તાવ આ ગોળીઓથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપિશું. અથવા કોઇ શખ્સ એવી સાબેતી આપશે કે વૈદ્ય જાફર-ભાઇ જીવણભાઇની જ્વરહરગુટિકા ખાધા છતાં ચોથિયો તાવ નથી જતો તો તેને **૫૦૧ રૂપિયાનું ઇનામ આપીશું.**

આ જ્વરહર ગુટિકા—તાવને મટાડનારી ગોળીઓ.

દરેક જાતના તાવનો નાશ કરે છે. તાવ આવવાનાં લક્ષણો માલમ પડે તે વખતે આ ગોળી ખાવાથી તાવનાં ચિન્હ દૂર થઇ આવતા તાવને અટકાવે છે. તાવ હોય ત્યારે ખાવાથી તાવને ઉતારે છે અને તાવ ઉતર્યા પછી ખાવાથી તાવને ફરી આવવા દેતીજ નથી. એટલુંજ નહીં પણ તાવને બંધ પાડી તાકત આપે છે, ભુખ ઉ-ગાડી ખોરાકને પચાવે છે અને મન તનમાં ચંચળાઇ વધારે છે. **ગોળી ૬૪ ની ડબ્બીની કિં. રૂ. ૧)**

## પરમિયાની અકસીર દવા.

આ દવા તમામ જાતના પરમિયાને મટાડે છે, તેમજ ઇંદ્રીમાં થતી બળતરા અને ચાલતું પરૂ (રસી) બંધ કરે છે, ઇંદ્રીનો સોજો ઉતારે છે, ટીપે ટીપે આવતા પેશાબને સાફ લાવે છે, કળતર તથા પેડુનો દુખાવો મટાડે છે, ઇંદ્રિના નીચેની રગમાં થતી પીડાને તરત અટકાવે છે, તેમજ પરમિયાથી પાતળી પડેલી ધાતુને મજબુત કરી (ધાતુને) વધારી સક્તિ આપે છે અને સાંધાનો દુખાવો મટાડેછે. ટુંકામાં પરમિયા અને પરમિયાથી થએલ દરદોનો નાશ કરે છે. ડબી ૧ માં ગોળી ૧૬ મોટી લાલ રંગની તથા ગોળી ૮ સફેદ રંગની અને અવાળી દવાની શીશી એક મળી **ડબ્બી ૧ ની કીં. રૂ. ૨)**

## અતિસાર રોધકવટી.

( ઝાડા—દસ્ત—અતિસારની અકસીર દવા )

ગમે તે જાતની ઝાડાની બીમારીને ઘણુજ ટુંક અરસામાં બંધ પાડી શરીરને સાજું તાજું બનાવવામાં આ ગોળી વન નંબર છે તેમજ દસ્તમાં પડતું પરૂ કે લોહી અગર તે સાથે થતી પીડા વગેરે તમામને બંધ પાડે છે, અને ભુંગળી વાટે જતા પાણી જેવા ઝાડાને પણ રોકી પાચનક્રિયાને સુધારી ભૂખને ઉઘાડે છે. **છતાં ૪૦ ગોળી આની ડબ્બીનો રૂ. ૧) છે.**

## ખાંસીની ચમત્કારિક ગોળીઓ.

આ ગોળીઓ એવી તો ચમત્કારી છે કે ગમે તેવી ખાંસીથી કંટાળો આવતો હોય એટલે કે મોંડું ન મળવા દેતી હોય, પણ આ ગોળી મોઢામાં રાખવાથી તુરતજ અડધી મીનીટની અંદર ખાંસીને બંધ કરે છે. આ ગોળીયો થતી તાજી ઉધરસનો તો ત્રણ કલાકમાંજ નાશ કરે છે, અને વધારે વખત ખાવાથી ક્ષય જેવાની ખાંસી, અને છાતીમાં થતાં કફનાં તમામ દર્દોને દૂર કરી આનંદ આપે છે. **ગોળી ૬૪ ની ડબ્બીની કીં. રૂ. ૧)**

# નયનામૃત.

આ સાચાં મોતી સાથે તૈયાર કરેલો શોધેલા સીસાનો સુરમો ખાસ વાપરવા લાયકજ છે; કેમકે રોગી નિરોગી એ બેઉને અત્યંત ઉપયોગી છે. કારણ કે હરેક માણસના સમજવામાંજ છે કે આખા અંગમાં આંખ એજ અધિક અગત્યનો અવયવ છે ( એ કોઇથી અ-જાણ્યું નથી. ) માટેજ એ આંખોને સદા નિર્મળ રાખનાર હોવા-થી આ અંજન ઘણુંજ કીમતી છે. આ અંજન આંખોમાં આ-વતી ચળ, પીઆ, બળતરા, ખટકો, પડળ, ધુંધ, છાયા—છારી, ધનું ફુલ, ગંતા મોતિઓ, ઝામર, ખીલ, રતાશ, પાણીનું ઝરવું, પર-વાળાં, આંખોમાં થતું ફળનર, વેલવધવી, પદાર્થ દેખવામાં થતો ભ્રમ અને મંદ દ્રષ્ટિ એ બધા રોગોને મટાડી આંખોને સ્વચ્છ તેજસ્વી બનાવી દે છે. ભીની હવાથી ખરાબ થતી કે ખરાબ થનારી આંખોની પીડા ઝડપથી બંધ પાડી તથા તાપ તડકાના તેજને ન સહન કરનારી દ્રષ્ટિને તેજ સહનશક્તિ આપી મનોહર બનાવે છે. માટે ભણનાર, વાંચનાર, લખનાર, ચિત્ર, નકસી—કોતર વગેરે ઝીણું કામ કરનાર, ભરત ભરનાર, ગુંથનાર, સીવનાર, બારીક ઘાટ ઘડનાર, ધુમાડામાં રહેનાર, અગ્નિ પાસે રહેનાર, છાપખાનામાં—મીલોમાં કામ કરનાર અને ગ્યાસએન્જીનની પાસે રહેનાર એ બધાને આ અંજન અમૃત સમાન આનંદ આપનાર છે. એટલે કે આ અંજન આંજ-વાથી બારીકમાં બારીક કામ કરી શકાય છે; છતાં આંખો કંટાળો આતી નથી, માટેજ અમો ભલાની ખાતર ભલામણ કરિયે છિએ કે જે જીવતાં લગી જેને પોતાની આંખો નિરોગી નિર્મળ તેજદાર રાખવી હોય તે. આ અંજનનોજ હમેશાં ઉપયોગ કરવો. અનુક્રમે એક રુપિયાથી પાંચ રુપીઆ સુધીનો શીશો મળે છે.

નંબર ૧ લો. તોલા ૧ ની શીશીની કીમત રૂ. ૫—૦—૦
,, ૨ જો. ,, ,, ,, રૂ. ૪—૦—૦
,, ૩ જો. ,, ,, ,, રૂ. ૩—૦—૦
,, ૪ થો. ,, ,, ,, રૂ. ૨—૦—૦
,, ૫ મો. ,, ,, ,, રૂ. ૧—૦—૦

## નેત્રાંજન.

ગમે તેવી આંખ્યો દુખવા આવી હોય તો પણ આ અંજનથી પહેલેજ દિવસે આરામ મળે છે, અને ત્રણ દિવસમાં તો આંખ્યો નિરોગી અને સુંદર થાય છે તથા ફરી તેવાં કારણોથી આંખ ઉભરાતી નથી. કીં. રૂ. ૦—૫—૦

## શ્વાસનાશક ચૂર્ણ.

આ ચૂર્ણ ખાવાથી દમ ચડવાનો રોગ કે જે માણસને પાર વગરનો કંટાળો આપે છે અને ચાલવા બોલવા તથા કામ કરવામાં ભારે મુંઝવણ કરાવે છે; તે દમનો રોગ તથા ક્ષય અને ક્ષયના જેવા ભયંકર ઉધરસ દમ સહિત હોય તો તેનો પણ એકદમ નાશ કરેછે. ડબ્બી ૧ ની કીં. રૂ. ૨—૮—૦

## શ્વાસકુઠાર રસ.

આ દવા પણ તમામ પ્રકારના દમની અને શ્વાસાવરોધ સંબંધની પીડાનો તાકીદે નાશ કરે છે. ડબ્બી ૧ ની કીં. રૂ. ૧—૪—૦

## સુવર્ણસુંદર રસ.

( લોહી સુધારવા તથા વધારવા માટેની અકસીર દવા. )

આ દવા લોહીબિગાડથી કિંવા ગરમીથી થતા અગર થયેલાં દર્દો જેવાં કે ઉપદંશ (ચાંદી), વિસ્ફોટક, ખુજલી, ખસ, ખરજવું, ક્ષુદ્ર, ચડગુંમડ, બદ, ખાંખસાઈ, પત અને ચાંમડીનાં દર્દો વગેરે વગેરેનો

નાશ કરી ચામડીને સુંવાળી બનાવે છે, લોહીને સુધારી વધારે છે, શરીરને રંગી અને ચ્હેરો ગુલાબી બનાવે છે, અને લોહીને સાફ કરી યોગ્ય ગતિ આપે છે. આ દેશી સારસાપારિલા છે. પડીકાં ૮ ના **૧ પડીકાની કીં. રૂ. ૧—૦—૦**

## અનુભૂત મલમ.

હરેક જાતના ઘા, જખમ, ગડગુંબડ, ચાંદી, નારાં, સડો, ગંભીર—ગ્રાહીનઘરૂં, કંઠમાળ, પાકાં વગેરેને બંધ પાડી જલ્દીથી બોંય લાવે છે. તેમજ બદ, બાંબલાઈ, ટાંકી, ખસ અને એવાંજ બીજા ભયંકર ચાંદાંઓને પણ દૂર કરે છે. ભરનીગળને મટાડે છે. નાસૂરને બંધ પાડે છે. ચુખસનો નાશ કરે છે અને ઘણીજ ઝડપથી આરામ બક્ષે છે. **કીમત ડબી ૧ નો રૂ. ૧—૦—૦**

## અર્શ—મસાની અકસીર દવા.

વાદી અને ખૂની એ બેઉ જાતના ગુદાના મસાની પીડા આ દવાથી નિર્મૂળ થાય છે અને એથી ફરી ભરાઈને પીડા કરી હરકત કરવાના ઉપદ્રવો બિલકુલ બંધ પડી જાયછે. **ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂ. ૧—૮—૦**

## મૃગીવારક ચૂર્ણ.

( વાઈ—ફેફરૂં મટાડવાની અકસીર દવા. )

વાઈનું દર્દ ઘણુંજ ભયંકર હોય છે અને માણસનું કેવા સંયોગમાં મરણ નિપજાવશે તે પણ કળી શકવામાં આવતું નથી; કેમકે ગમે તે વખતે બેભાન કરી અંગ ઉપાંગોને ખીંચતાણ કરાવી કોઈ વખત મ્હોંડે ફીણ લાવી કુવામાં અગ્નિમાં કે ખાડમાં ઝોકી દે છે; પરંતુ આ દવાના સેવનથી એ દર્દ નાશ પામે છે. **ડબી ૧ ની કીમત રૂ. ૧—૧૨—૦**

## વિજયાદિ રસ.

આ રસ અનેક પ્રકારનાં દર્દોનો નાશ કરે છે એટલે કે પ્લેગ, મુંઝારો, ત્રિદોષ, સ્વરભંગ, કૃમિ, મળબદ્ધતા, ઉદરરોગ, આમ્ળ, પ્રમેહ, કોઢ, ખાંસી, દમ, આંબળનું નિકળવું, અર્શ (મસા), આફરો, ઉલટી શોષ, હીક, હીચકી, ખરજ, ત્વચા, બરળ, યકૃત, (કાળજાનો વ્યાધિ) સંગ્રહણી, પથરી, મૂત્રઘાત, મૂત્રકૃચ્છ્ર, અને કમળો તથા લોહીવિકાર ઇત્યાદિ ઇત્યાદિ દરદોને મટાડી શરીરને નિરોગી હૃષ્ટપુષ્ટ બનાવે છે. બચ્ચાને આ દવાથી વરાધ, વાનળી, ભાર, ઉધરસ, ઉટાંટીઆ, રતવા વગેરે થતાં નથી, ( અને થયેલાં મટી જાય છે. ) તેમજ ઝામરવા, માથાનો દુખાવો, માથાનું શળ, આધાશીશી, નેત્રમાં રહેતી ગરમી, પિત્તકમળી પાંડુ, અજીર્ણ અને અજીર્ણને લગતાં દર્દો યોગ્યમાત્રા અને યોગ્ય વિધિ સાથે આ રસના સેવનથી નાશ થાય છે. કીમત ડબી ૧ નો રૂ. ૧—૦—૦

## સુકિર્તીરસવટી.

આ ગોળી ત્રિદોષ, સન્નિપાત, મુંઝારો મટાડવામાં રામના બાણ જેવી અકસીરછે. ગોળી ૪૦ ની ડબી ૧ ની કી. રૂ. ૧—૦—૦

## ગર્ભપાળગુટિકા.

આ ગોળીના સેવનથી ગર્ભવતી સ્ત્રીઓનો તમામજાતનો કંટાળો એટલે કે ગર્ભ સંબંધીના રોગથી થતી પીડા દૂર થઇ ગર્ભનું સંપૂર્ણ રીતે પોષણ થાય છે. ગર્ભ નિરોગી રહે છે. ગર્ભ હૃષ્ટપુષ્ટ અને બળદાર બને છે અને ગર્ભ શ્રવવા કે ગળવાનો ભય રહેતોજ નથી; છતાં અમૂલ્ય દવાની— ડબી ૧ નું મુલ્ય રૂ. ૧—૪—૦

## ગર્ભધારિણીગુટિકા.

જે સ્ત્રીઓ ગર્ભાશયના બિગાડની વ્યાધી તથા અશક્તિ કે

અન્ય દોષોના લીધે ગર્ભ ન રહેતો હોય તો ગર્ભ રહેવા માટે આ ગોળી કલ્પવૃક્ષ જેવી મનોવાંછિત ફળ આપનારી છે. માટે જે વાંઝિયાપણાના ભયથી રાત દિવસ અશાંત રહેતાં હોય તેવાં કુટુંબોની સ્ત્રીઓએ આ મહાત્માની શુભાશીષ રૂપ ગોળીઓનો ઉપયોગ કરી સંસાર સફળ થવા રૂપ પુત્રનું મ્હો જોવા આતુર રહેવું. દવાની ડબ્બી ૧ ની કીંમત રૂ. ૨—૦—૦

## નાગાર્જુન ચૂર્ણ. (વત્સનાભ ચૂર્ણ.)

આ ચૂર્ણના સેવનથી જઠરાગ્નિ સબંધીની તમામ ફરિયાદોનો અંત આવે છે. જઠરાગ્નિ જોઇએ તેવી તેજ થઇ પાચનક્રિયાને મર્યાદામાં રાખે છે. ભુખ લગાડે છે, ખોરાક પચાવે છે, પેટના વાયુને નિયમમાં રાખે છે, દસ્ત સાફ લાવે છે, આફરો—અજીર્ણ—ચૂંક—શળ ગોળો, ઉલ્ટી, આંબળ ચક્કર અને બેચેનીને દૂર કરેછે. તેમજ ધાતુઓને બળ આપી મજબુત બનાવે છે. આવું અત્યંત સ્વાદિષ્ટ છતાં કીંમત ફક્ત ડબ્બી ૧ નો રૂ. ૧—૦—૦ છે.

## અગ્નિકુમાર રસ.

અરૂચિને મટાડી ખોરાક પર પ્રેમ પેદા કરાવવામાં તથા ખોરાકને હજમ કરવામાં આ દવા ઘણીજ ઉમદા ગુણદાયક છે, અને અજીર્ણ સંબંધી કૉલેરા વગેરે દર્દોને દૂર કરી વાયુ, શૂળ—આદિને મટાડી જઠરાગ્નિને દીપાવે છે. ડબ્બી ૧ ની કીમત રૂ. ૧—૦—૦

## વદનચંદ્રોદય.

નામ પ્રમાણે ગુણ ધરાવનારી વદનચંદ્રોદય નામની અમારા શોધની દવા મ્હોં ઉપરના જવાનીના ખીલ દૂર કરી જે ચ્હેરાને બગાડી બદસૂરત બનાવી દે છે તે ખીલોનો, તથા હાથ પગમાં પડતા ચીરા,

હોઠ ગાલનું ફાટવું, તેમજ શરીરના કોઇ પણ ભાગનું ખરસટ થવું, શરીર તથા મ્હોં ઉપરની કાળાશ અને લુખાસ ફક્ત એ બધું ટુંક વખતમાંજ બંધ પાડી ચકચકિત પુનેમચાંદનીના પેઠે મ્હોંની રોશની ખિલાવી કાંતિને વધારે છે. ચામડીને સુંવાળી મુખમલ જેવી બનાવી દે છે. મોંપર થતા ખીલો—થયેલા ખીલો અને થવાના ખીલો એ બધાને અટકાવી સુંદરના સાથ ચંદ્રોદય સમાન વદનને દીપાવે છે યાની ચેહેરાને, હાથ પગને, હોઠને, ગાલને ગુલાબી રંગના કરી મહા આનંદ આપે છે. તેમજ પોતામાં રહેલી ઉત્તમ સુગંધીની લહેજત સાથ ફાયદા રજુ કરે છે. છતાં ડબી ૧ નો રૂ. ૧—૦—૦ જ છે.

## સ્વેત—ધોળા કોઢના ડાઘની અકશીર દવા.

ધોળા કોઢના ડાઘ દેખતાંજ વર કન્યાને અને કન્યા વરને પસંદ કરતી નથી અને જ્યારે એક બીજાને પસંદ કરતાં નથી ત્યારે કુંવારાં રહેતાં મા બાપનાં હૃદય વગર અગ્નિએ ધીખ્યાંજ રહ્યા કરે છે; તે અગ્નિ ઓલવી હૃદયને શાંતિ આપવા અમારી દવા વાપરવી કે જેથી ધોળા કોઢના દાઘ મટી અસલના જેવાજ ચામડીનો રંગ થાય છે અને આમ થતાં વર કન્યાને અને કન્યા વરને આનંદથી ચ્હાય છે. આવું પરમેશ્વરના પિત્રાઈ જેવું કામ કરવા છતાં ડબા ૧ ના ફકત રૂ. ૧૦—૦—૦ લેવામાં આવે છે.

## આંચકીની અકસીર દવા.

બચ્ચાંઓને આંચકી અને મોટાંઓને તાણ આવતી હોય તે માટે આ દવા અજબ ગુણવાળી છે. ફક્ત સેવન કરવાની સાથેજ પોતાનો અમલ બજાવી આંચકીને શમાવી દે છે. કીંમત ડબી ૧ નો રૂ. ૧—૮—૦

## હેડકીની રામબાણ દવા.

હેડકી આડે વાત પણ ન થઈ શકતી હોય કે ખાના પીવા વગેરેમાં જરા પણ ચેન ન પડવા દેતી હોય તેવી હેડકી આ દવાથી એક દમ બંધ પડે છે, અને ઉલ્લાસ જડે છે. **કીમત ડબી ૧ ના રૂ. ૧—૦—૦**

## તન્દુરસ્તી બક્ષનાર તેલ.

આ તેલમાં એ ઉત્તમ ગુણ છે કે દર્દો મટાડે છે અને માથાના વાળ વધારી કાળા બનાવી મજબુત મૂળવાળા લચ્છાદાર બનાવે છે. માથામાં નાખવાથી ખોડો, જુ, લીખ, ઉંદરી, માથાની પીડા, અકાળે આવતાં પળીઆં, મગજનો તપારો, જ્ઞાનતંતુઓની નબળાઈ, આંખોની ગરમી, ઝાંખ, નજલા, ઝામર વગેરે મટાડે છે. સ્ત્રીઓને માથામાં નાખવાથી ઠંડક આપે છે, બળ આપે છે, કાંતિ વધારે છે, અને સાંધાઓમાંથી કચકાટ થતો બંધ પાડે છે. તે સાથે તેમાં રહેલી મીઠી ખુસબુ મનને મગજને આનંદ આપી આસ પાસ । નિવાસવાળાઓને મજા બક્ષે છે. માટે હાલમાં હેર ઓઇલના નામથી વપરાતા હેર ઓઇલો ન વાપરતાં આ ઉમદા તેલજ વાપરો. **શીશી ૧ ની કીમત રૂ. ૧—૦—૦**

## વિષુચિકાનાશકગુટિકા.

( કોલેરા, હૈજા, કોગળીઆની ચમત્કારિક દવા. )

કોલેરા એ નઠારો, જીવલેણ રોગ છે એ સર્વની જાણમાં છે અને એનાથી અમૂલ્ય જીવનો જોત જોતામાં નાશ થાય છે. માટે આ મોતની કાળોતરી રૂપ રોગને નાબુદ કરવા તરફ ધ્યાન દેવાની જરૂર છે અને તેથીજ અમો ખાસ ભલામણ કરીએ છીએ કે આ

અમારી ગોળીઓ કૉલેરાનાં ચિન્હો જણાતાંની સાથેજ રોગીને ખાવા આપવી શરૂ કરાય તો બેશક તુરત તે દર્દી સાજો થાય છે. હાથ પગના ગોટલા બંધ પડે છે, ઉલટી ઝાડા બિન તકલીફે બંધ થાય છે અને બેચેની રોકાતાં શરીરમાં જાગૃતી આવે છે, તથા પાણીની આતુરતા મટી શાંતિ સાથ શક્તિ મળે છે, છતાં અમૂલ્ય દવાનું મૂલ્ય ગોળી ૨૪ નો રૂ. ૧—૦—૦

## કૉલેરારિપુ–મરણઘાતમુક્તાંબુ.

( આ દવા વાપરતાં છતાં કૉલેરાનો રોગ લાગુ પડેલો એવું પુરવાર કરી આપનારને રૂ. ૫૦—૦—૦ ઇનામ. )

કૉલેરા ( કોગળિયા )ના વખતમાં આ દવા વાપરવાથી તે રોગ લાગુ થવાજ પામતો નથી; માટે કૉલેરાના ફેલાવની જગ્યામાં જનાર આવનાર રહેનારને આ દવા અમૃત સમાન હોવાથી રોજ ઉપયોગમાં લેવી જેથી, કૉલેરા, અજીર્ણ, આફરો, ચૂંક, બંગાલ, ગુલ્મ, કૃમી વગેરે દર્દો નજીક આવવાંજ પામતાં નથી. **શીશી ૧ ની કી. રૂ. ૧—૦—૦**

## પ્લેગનાશકગુટિ.

પ્લેગથી બચવાને માટે આ ગોળીઓ સર્વોત્તમ હોવાથી રોગી નિરોગી બેઉને વાપરવા લાયક છે; કેમકે—પ્લેગની ચાલતી ખરાબ હવા વખતે જો નિરોગી માણસ આ ગોળીઓ ખાય તો તેને તે રોગની ખરાબ હવા લાગુજ પડતી નથી અને તે રોગ વાળો ખાય તો તેને તે દર્દથી મુક્ત કરી એકદમ આરામ આપે છે માટેજ **પ્લેગની ઝપટમાંથી બચવું હોય તેમણે આ ગોળીઓ અવશ્ય વાપરવી. ડબ્બી ૧ ની કીમત રૂ. ૧—૪—૦**

## કામણગારૂં કાજળ.

આ કાજળ-મેંશ-આંજણું સ્ત્રી પુરૂષ અને બાળકોને ખાસ વાપરવા લાયકજ છે; કેમકે એમાં એક પંથ ને દો કાજ સમાયલછે એટલે કે, સ્ત્રી તથા બાળકોની આંખ્યોનો શૃંગાર છે અને તે સાથે આંખને સ્વચ્છ તેજસ્વી બનાવી આંખ્યોની બળતર, ફુલતર, ચળ, પિયા, છારી, પડળ, ઝાંઝવાનું વળવું, પરવાળાં ( આંખ્યોમાં વળતા વાળ ), લાલાશ, પાણીનું ગરવું, ઝાંખ, અને દ્રષ્ટિમંદતા વગેરે, તેમજ માથામાં થતી પીડા, ઝામર, ખીલ, અને રોશનીની તપાસ એ બધું મટાડી દે છે. માટે સ્નોયા, ધુમાડામાં રહેનાર, ઘણું રોનાર, શોક કરનાર, લખનાર, બારીક કામ કરનાર, સીવનાર, જડનાર, ઘડનાર, કોતરકામ કરનાર, વગેરેને ઘણુંજ ઉપયોગી છે. ડબી ૧ ની કીમત રૂ. ૦—૪—૦

## વિરેચનવટી નં. ૧ લો—ઘોડાચોળી.

આ જુલાબ બીજા જુલાબોની પેઠે પેટમાં અંબળાટ કરતો નથી. તેમજ વાયુ કર્યા વગર પેટનાં દર્દો, ખસ, ખુજલી, વિસ્ફોટક અને રક્તવિકાર આદિને દૂર કરે છે. કીમત ૧૧૦ ગોળીની ડબી ૧ નો રૂ. ૧—૦—૦

## નં. ૨ જો—ઇચ્છાભેદી જુલાબ.

આ જુલાબ એટલો બધો ચમત્કારી છે કે પોતાની મરજીમાં આવે તેટલાજ રેચ લાગે છે. દવા સ્વાદિષ્ટ છતાં ઘણાં દર્દોને દૂર કરે છે. પડીકાં ૨૦ ની ડબી ૧ ની કીમત રૂ. ૧—૦—૦

## નં. ૩ જો—અભયાદિમોદક.

આ જુલાબની ૧ ગોળી ટાઢા પાણી સાથે ખાવાથી જુલાબ

લાગે છે. અને ઉનું પાણી પીવાથી જુલાબ બંધ થાય છે. તથા જલંદર, ભગંદર, કોઠોદર, વિસ્ફોટક વગેરે ભયંકર દર્દોનો નાશ કરે છે. ગોળી ૨૦ ની ડબી ૧ નો રૂ. ૧—૦—૦

## કર્ણ તેલ.

આ તેલ કાનમાં નાખવાથી કાનમાંથી આવતું લોહી, પરૂ, ચસકા, પાક, ગણગણાટ, બહેરાશ, બહેણ વગેરે તમામ દર્દોનો નાશ કરે છે. શીશી ૧ ની કીમત રૂ. ૧—૦—૦

## વાળાની અકસીર દવા ( સ્નાયુશત્રુ )

વાળાનું દર્દ મહા પીડા કરનાર છે છતાં તેની ઉપર આ દવા પીડાનો અંત કરનાર રામબાણ જેવી છે; દવા ખાવાથી વાળો મટી જાય પીગળી જાય કે નીકળી જાય તુરત દરદ બંધ થતાં શાંતિ મળે છે. પડીકાં ૩૦ ની ડબી ૧ ની કીમત રૂ. ૧—૦—૦

## સુતિકાકવાથ.

સુવાવડમાં જોઇએ તેવી માવજત ન રહેવાથી અગર પ્રસવકાળથી છ માસ લગી સ્ત્રી ખાનપાન વિહાર આદિમાં નિયમ વિરૂદ્ધતા રાખે તેથી સુવારોગ લાગુ થાય છે. તે સુવારોગ પણ મરણને શરણ કરનાર રોગ છે. છતાં આ ક્વાથનું સેવન કરવામાં આવે તો શરીરમાંનો તમામ બિગાડ નીકળી જઇ કંચન જેવું શરીર થાય છે. તેમજ ધાવણ ખરાબ હોય અગર કોઠે રતવા હોય, વાયુવાળો કોઠો હોય, અને છોકરાને વરાધ થતી હોય કે મડગુંબડ નીકળી છોકરાં મરી જતાં હોય તો તે સર્વ બંધ પાડી આનંદ આપેછે, અને ટુંકામાં કહિયે તો સુવારોગ સંબંધી સઘળી પીડા અને રક્તવિકાર આદિનો ભય એ સર્વ મટાડી દે છે. ભૂખ લગાડી—ખોરાક પચાવી—દસ્ત સાફ લાવી મનને મોજમાં રાખેછે. છતાં પડીકાં ૮ ના પડીકાનો રૂ. ૧—૦—૦

## રક્તપ્રદર—લોહીવા.

લાલ પ્રદરને લોહીવા અને ધોળા પ્રદરને સોમરોગ અગર ધોળી ધાતનું જવું એમ માને છે, અને એથી સ્ત્રી કમકૌવત બની નબળી પડી જાય છે, તથા જેના લીધે ગર્ભ ધરવામાં પણ વખતે અડચણ આવે છે; પરંતુ અમારે ત્યાં રક્તપ્રદરની દવા છે તેના સેવનથી રક્તપ્રદર અને શ્વેતપ્રદરની દવા છે તેથી શ્વેતપ્રદર તાબડતોબ મટે છે અને શરીર મજબુત બની સ્ત્રી ગર્ભ ધરવા લાયક બને છે. રક્તપ્રદરનાશકચૂર્ણની **ડબ્બી ૧ ની કીમત ૨—૪—૦ અને શ્વેતપ્રદરનાશકની ડબી ૧ ની કીમત ૨—૪—૦**

## યોનિશોધકવટી.

આ ગોળીઓ વાપરવાથી સ્ત્રીઓના યોનીસંબંધી તમામ રોગો મટે છે એટલે કે યોની અંદરની ચળ, ધાતુનું જવું, સોજો, દુર્ગંધ, ગરમી, ગર્ભાશયને હાની કરતા વિકાર વગેરે વગેરે મટે છે. યોની સંકોચાય છે **કીમત ગોળી ૨૪ ની ડબી ૧ નો રૂ. ૧—૦—૦**

## ખરજવાની રામબાણ દવા.

જુનું અગર નવું ખરજવું ગમે તેટલું ફેલાયલું છતાં અમારી દવાના ઉપયોગથી તુરત નાશ પામેછે. **ડબી ૧ ની કી. રૂ. ૧—૦—૦**

## બાળહિત ગુટિકા.

બાળકને ચોથે આઠમે કે પખવાડિયે આ ગોળી આપવામાં આવતાં વરાધ વાવળી ભાર ખાંસી વગેરે તમામ બાળક સંબંધી રોગોમાં તુરતા તુરત છ કલાકમાં ફાયદો આપી આરામ કરેછે. દીર્ઘાયુષ્ય આપે છે, અને બાળક નિરોગી રહેતાં રૂપાળું થાય છે. **ગોળી ૭૪ ની ડબી ૧ નો રૂ. ૧—૦—૦**

## શિશુપુષ્ટિકારકચુર્ણ.

આ દવા બાળકને સાજું તાજું—હૃષ્ટપુષ્ટ રાખવામાં પહેલે નંબરે છે; કેમકે દર્દને થવાજ દેતું નથી, થએલાં દર્દનો નાશ કરે છે અને લોહી વધારી સુધારી પાચન–ક્રિયા તેજ કરી શક્તિ આપે છે. બાળકો ઉછેરવા માટે આ દવા અતિ ઉત્તમ છે. ડબી ૧ ની કીમત રૂ. ૦—૮—૦

## દાદર—હરાજનો મલમ.

જુની કે નવી ગમે તેવી અને ઊંડાં મૂળ ઘાલી બેઠેલી રાતી કાળી દાદર અને સૂકું ખરજવું એ ત્રણેનો આ મલમ તુરત નાશ કરે છે એટલુંજ નહીં પણ બળત્રા અને કંટાળા વગર ત્રણ દિવસમાંજ આરામ આપે છે. ડબી ૧ ની કીમત રૂ. ૦—૪—૦

## દંતમંજન.

આજ સુધીમાં સેંકડો જાતનાં દંતમંજનો બહાર પડયાંછે અને તેની વપરાસ થય છે; પરંતુ તે બધાં કરતાં આ દંતમંજનમાં એ ગુણો વિશેષ છે કે તેનો ઉપયોગ કરવાથી દાંતનાં પેઢાનાં ગળાનાં તેમજ આખા મોંમાનાં દર્દોનો જડમૂળમાંથી નાશ કરી દાંતને સાફ ખેરી વગરના મજબુત મોગરાની કળી જેવા બનાવે છે અને વૃદ્ધાવસ્થા પહોંચ્યાં છતાં પણ ટકી રહી ખોરાકના કામમાં પોતે સારી રીતે ચાવીશકે તેવા દઢ રાખેછે. મતલબ કે દાંતનાં પેઢાને ઢીલાં પડવા દેતું જ નથી અને ઢીલાં પડયાં હોય તેને મજબુત કરી દેછે. દાત કે દાંતનાં પેઢાંમાંથી નિકળતું લોહી, આવેલું મ્હોં ગળતીલાળ, પડેલાં છાલાં અને મ્હોંમાંથી નીકળતી બદબુ વગેરે સઘળું બંધ પાડે છે. માટેજ હરેક જનને ખાસ વાપરવા લાયક છે. કેમકે દાંતની મજબુતી એજ જીવનની મજબુતી છે. દાંત બગડયા કે પડયા એટલે કાયાગઢ બેળા-

વાની તૈયારીજ સમજવી. માટે જેમ બને તેમ દાંતોને મજબુત રાખવા એજ ખરા આનંદનું મૂળકારણ છે અને તે કારણ આ મંજનથી પૂર્ણ રીતે પાર પડે છે. છતાં રૂ. ૦-૪-૦ ની એક ડબી મળે છે.

## વજ્રદંતીમંજન.

દાંતના પેઢામાં થતું કળતર, પેઢાનું ઢીલાપણું, દાંતોનો સડો, ખેરી તથા પીળાશ, પેઢાનો સોજો, મ્હોંમાંના ચાંદીઓ, પેઢામાંથી પડતું લોહી અને નીકળતો ખરાબ વાસ એ સર્વે ઉપયોગ કરવાની સાથેજ ચમત્કારી ઝડપથી આરામ આપે છે, દુઃખ દૂર ટળે છે અને ખોરાક ખાવા સંબંધીના મનોરથ ફળે છે. **તોલા ૩ ની ડબી ૧ ની કીમત રૂ. ૧—૦—૦.**

## ગિરિરાજ ચુર્ણ.

( મ્હોંપાક મટવાની સર્વોત્તમ સચોટ દવા. )

ગરમ ચીજ ખાવાથી કે કોઇ પણ પ્રકારથી મ્હોં આવી ગયું હોય તો તથા મ્હોંની અંદર ચાંદીઓ પડી ગઇ હોય, જીભ સુજી આવી હોય, લાળ ગળ્યાથી બોલાતું પણ ન હોય, ખોરાક ખાવામાં મહામુશ્કેલી નડતી હોય, મ્હોંમાંથી લોહી પડતું હોય, ગળાનો કાકડો સુજી કે ટાંકીદાર થયો હોય, ગળાની અંદર સોજો આવ્યો હોય અને રાત દિવસ કંટાળા વગર ચેનની તો દિવાજ ન જણાતી હોય તેવા ઉજાગરા, ભૂખ, દુઃખ, બેચેનીવાળા દર્દીને આનંદ મગાવા માટે આ ચુર્ણ પરમાત્માની ઉંડી લાગણી ભર્યો આશિર્વાદ રૂપ છે. કેમકે તુરતાતુરત **અસર કરે છે, કીં. ડબ્બી ૧ ની રૂ. ૧)**

## મુસ્તાદિ ગુટિકા.

આ ગુટિકા મ્હોંમાં રાખી ચુસી જવાથી હાલતા દાંતો મજબુત થાય છે, એમાં જરા સંદેહ નથી. **કીં. ડબ્બી ૧ નો રૂ. ૧)**

## વરાધની દવા.

બાળકોને વરાધનો રોગ ઘણોજ ભયંકર હોવાથી માઠું પરિણામ લાવે છે. તે વરાધ—સસણી—માળામો—નનામો રોગ, તથા વાળણી કે જેમાં બાળક લીલું તથા ફુચાપાણી જેવું દસ્ત કરે છે તે તથા બાળક સુકાતું જાયછે તે રોગ અને દાંતનું એ સર્વે રોગ ફક્ત ત્રણુંજ દિવસમાં આ દવાથી મટી જાય છે અને ખરાબ પરિણામ અટકી આનંદ હાજર થાય છે. ગોળી ૩૨ ની ડબી કીં. રૂ. ૧)

## ઝામરની અકસીર દવા.

આ દવાથી માથામાં ઝામરને લીધે ન સહેવાય તેવા આવતા સણકા તથા તેને લગતી તમામ પીડા દુર થાય છે એટલુંજ નહિ પણ તે પીડા ફરીને કદી થતીજ નથી. કીં. ડબી ૧ નો રૂ. ૧)

## ગિરિરાજ રસ ગુટિકા.

આ ગોળી પુરૂષ અને સ્ત્રીના છુપા ભાગમાં ગમે તે કારણથી અને ગમે તે પ્રકારની થતી બળત્રાને એકદમ બંધ પાડે છે અને અપૂર્વ ઠંડક આપવા સાથ જીવને ઘણો આનંદ બક્ષે છે. ગોળી ૧૨ ની ડબી ૧ ની કીં. રૂ ૧)

## રક્તવાતરિપુ.

આ દવાથી બાળકને થતો જીવલેણ રોગ કે જેને રતવાના નામથી ઓળખવામાં આવે છે તે રોગ ગર્ભાશયના વિકારનો હોવા છતાં પણ આ દવાથી તે સંબંધી સઘળી પીડા મટી જાય છે એટલે કે રતવાનો કોઠો હોવાથી સ્ત્રીને વારંવાર કસુવાવડ થતી હોય અગર બચ્ચાં જન્મ્યા બાદ તેના લીધે ન જીવતાં હોય કે સાંધાં ચાઠાં નીકળી સુકાઈને મરી જતું હોય તે બીમારીવાળી બાઈઓને આ દવા અવશ્ય પ્રથમથીજ આપવી જોઈએ છે; કેમકે આ દવા ખાધા પછી એ

ભયંકર પરિણામ થવા પામતુંજ નથી. એટલુંજ નહી પણ પોતે નિરોગી બની બચ્યું પણ નિરોગી બનતાં સંસારનો લ્હાવ લઈ જીવન સફળ કરવાનો સમય સ્વાધીન થાય છે. કીંમત ડબી ૧ નો રૂ. ૧)

## યોગરાજ ગુગળ.

૮૦ જાતના વાયુ રોગ તથા અર્શ, સંગ્રહણી, બરલ, ગોળો, પેટનાં દર્દો, આફરો, અગ્નિમંદતા, ખાંસી, જ્વર, અરૂચિ, પ્રમેહ, નાભિનું શૂળ, કૃમી, ક્ષય, છાતીની મુંઝવણ, આમવાત, મૃગી, કોઢ, મળ-દુષ્ટતા, વીર્યદોષ, સ્ત્રીના રજદોષ (અટકાવ સંબંધી-ગર્ભ સંબંધી વગેરે નડતર), ઉદાવર્ત અને ભગંદર એ સર્વે રોગો આ ગોળીઓના સેવનથી નાશ થાય છે. કીંમત ગોળી ૨૪ ની ડબી ૧ નો રૂ. ૧)

## મૃગનાભ્યાદિ અવલેહ.

ગાવાના શોખીન સજ્જનોને માટે તો આ દવા એક સાચા મિત્રના સમાન સહાય કરનાર છે; કેમકે ગળામાં ખરેરી-કફ-સ્વરભંગ વગેરેને લીધે અડચણ રહેતી હોય તે આ દવાથી દૂર થઈ ગળું સાફ રહી સુંદર અવાજ વાળું બને છે, અને હમેશાને માટે કંઠ મીઠો ખટકદાર અને મનહર થાય છે. દવા સ્વાદિષ્ટ ખુશબોદાર સાથે સર્વોત્તમ ફાયદાકારક છે, છતાં ફી એક ડબીના રૂ. ૨—૪—૦

## ઉલટી બંધ કરવાની દવા.

ગમે તે પ્રકારને લીધે ગમે તે જાતની ઉલટી થતી હોય તે આ દવાથી બંધ થાય છે. કીં. ડબી ૧ નો રૂ. ૧)

## નાકના છોડ માટે અકસીર દવા.

નાકમાં છોડ પડવાને લીધે થતી પીડાથી શ્વાસનું રૂંધાવું અને

કંટાળો ઘણોજ થયાં કરે છે તે દૂર થવા આ દવા સુંઘવાથી તુરત ફાયદો નજર આવે છે. કીં. ડબ્બી ૧ ની રૂ. ૧)

## આધાશીશીની દવા.

અરધું માથું દુખવું એ પણ ઘણીજ પીડા અને બેહદ કંટાળો આપનાર રોગ છે અને તેમાં પણ ઝાટકા આવ્યાં કરે છે એથી બિલકુલ ચેન પડતું નથી તેમજ આ દર્દ વધારે વખત ચાલુ રહેવાથી કે ઉપાય ન કરવાથી મગજમાં શૂન્યતા, આંખો તથા કાનમાં નુકશાન થવા સંભવ છે; પરંતુ તેમ થવા છતાં પણ જો અમારી બનાવટની દવાનો ઉપયોગ કરવામાં આવે તો ટુંક મુદતમાં તે બધી અડચણ બંધ પડી આધાશીશીનો રોગ નિર્મૂળ થાય છે. કીંમત ડબ્બી ૧ નો રૂ. ૧॥

**કેસરાદિગુટિકા**—ચાંદી અને વિસ્ફોટક વગેરેને મટાડે છે. કીં. ડબ્બી ૧ ની રૂ. ૧)

**હિરણ્યગર્ભ રસ સોગઠી**—શ્વાસ તથા વાયુને દૂર કરે છે. ડબ્બી ૧ ની કીં. રૂ. ૧૦)

**છત્રાસ્વાકુફુલા**—આતસ તરશ ને ઉલટીનો નાશ કરે છે કીં. ડબ્બી ૧ ની રૂ. ૧)

**પ્લીહક્ષાર**—બરલને મટાડવામાં આ દવા ઘણીજ અકસીર છે. કીં. બા. ૧ ના રૂ. ૨—૪—૦

**આનંદભૈરવ રસ**—ઉધરસ, સંગ્રહણી, અપચો, ક્ષય, સન્નિપાત, મૃગી, દમ, અરૂચિ અને અજીર્ણને લગતાં દર્દો માટે આ ગોળી અકસીર છે. કીં. ડબ્બી ૧ નો રૂ ૧)

**શંખદ્રાવ**—બરોલ, જલોદર, કરમ, સુંક, વાયુ, આફરો, હેડકી વગેરેને ઘણીજ ઝડપથી મટાડે છે. **શીશી ૧ ની કીં. રૂ ૧)**

મણીરત્ન ચુર્ણ—પાકેલા કફનો નાશ કરવામાં ઘણુંજ સારૂં છે કીં. રૂ. ૧)

વિછીની દવા—ડંખ ઉપર મસલવાથી ઘણીજ તાકીદે વીછી ઉતરી જાય છે. શીશી ૧ ની કીં. રૂ. ૧)

ભસ્મેશ્વર રસ—ત્રિદોષ-સન્નિપાત અને મુંઆરા પર રામબાણ છે. કીં. ડબી ૧ નો રૂ. ૧)

માલતીફુલાદિ ચુર્ણ—સંગ્રહણી, દસ્ત, ખાંસી, ક્ષય, દમ અને અરૂચિને મટાડે છે. ડબી ૧ ની કીં. રૂ ૧।

હિંગાષ્ટક ચૂર્ણ—જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, અન્ન પચે છે, પેટમાની ચુંક, આફરો, વાયુ તથા વારંવાર આવતા ઓડકાર, પવન બંધાતા, કબજીયત અને ઝાળ વગેરેનો નાશ થાય છે. કીં. ડબી ૧ ની રૂ. ૦-૮-૦

લોમનાશક ચુર્ણ—છુપી જગોના વાળ કિંવા ગમે તે જગોના વાળ કહાડવામાં ફક્ત બે મીનીટજ લગાડે છે. તેમજ કશી ઈજા થતી નથી, ચામડી સુંવાળી અસલ રંગની રહેતાં ઠંડક સાથ ફંટાળો દૂર કરે છે. કીં. ડબી ૧ ના રૂ. ૦—૫—૦

## સંધિવાની અકસીર દવા.

શરીરના સાંધાઓ ઝલાઈ જવાથી અત્યંત પીડા-મુંઝવણ થતાં છતાં પણ આ દવાના ઉપયોગથી ફક્ત ત્રણ દિવસમાંજ ખાટલાને શરણ થએલાને આરામ આપે છે. ડબી ૧ ની કીમત રૂ. ૧-૦-૦

## સંધિવાતવિનાશક તેલ.

આ તેલના માલેસથી શરીરના પકડાએલા સાંધા તથા કેડનો સખ્ત દુખાવો ઘણીજ તાકીદથી મટે છે. શીશી ૧ ની કીમત રૂ. ૧—૦—૦

## આંબળની દવા.

નિર્બલ શરીર થવાથી ગુદામાંથી આંબળ નીકળવાનો સખત કંટાળા ભર્યો રોગ હાજરી આપે છે. મરડામાંથી પણ આ રોગ થાય છે, છતાં અમારી બનાવટની દવા સેવવાથી શરીરમાં બળ આપવા સાથ આંબળ નિકળતું બંધ થાય છે. કીંમત ડબી ૧ નો રૂ ૧)

## નમક સુલેમાની.

**આ નમકસુલેમાની** પાચનશક્તિને વધારનાર હોવાથી ખાધેલો ખોરાક સારી રીતે પચાવીને નવું સાફ લોહી મનુષ્યના શરીરમાં પેદા કરે છે. હમેશાં ખાવાથી તનદુરસ્ત મનુષ્યના શરીરમાં વધારે અને ચોખ્ખું લોહી વધારી શકે છે. બદહજમી, ખાટાઓડકાર, ગળામાં થતી બળતરા, આફરો, ભુખનું ન લાગવું, દસ્ત સાફ ન આવવો, ચુંક—ગભરાટ—શુળ—કફનું વધી પડવુ અને મોઢાનો બેસ્વાદ એ બધા રોગોને **આ નમક સુલેમાની** ઘણીજ તાકીદે મટાડે છે. તેમજ કોલેરા, ગાંઠિયો વા, સઘળી જાતનાં વાયુનાં દર્દો, સાંધાની પીડા, વારે વારે પેશાબ થવો, દિમાગની કમજોરી અને કમતાકત એ બધાંનો નાશ કરે છે. આંખોની રોશની (તેજ) વધારે છે, ભુખ ઘણી લગાડે છે, લોહી સાફ કરે છે, અને ખસ, દાદર, ખરજુવા વગેરેને જડમૂળમાંથી ઉખેડી નાંખે છે. વાંચકો ! ખરીદીને ખાત્રી કરો.

**કીંમત શીશી ૧ ના અઢી રૂપિયા.**

## કાળા સાપ અને અફીણના ઝેરની અકસીર દવા.

સાપનું અને અફીણનું ઝેર પરગમ્યા છતાં પણ જે અમારી આ દવાનું શરણ લે છે તો તે રામશરણ ન થતાં દુનિયાની હવા લેવા ભાગ્યશાળી થાય છે. માણસ કે જાનવર, ઉપરનાં બેઉ ઝેર માટે આ દવા સેવન કર્યા પછી તે ઝેરના લીધે મરતાંજ નથી. આ દવાની

પરીક્ષા એ છે કે અફીણના કસુંબામાં મંકોડાને નાખવાથી તરફડી તુરત બેભાન થઇ જાય છે છતા તેને કસુંબાથી બહાર કહાડી કપડા પર નાખી જરા વાર પછી હથેળીમાં લઈ આ દવાની ભૂકી તેની ઉપર નાખવી જેથી પાચ મીનીટમાંજ તે જીવતો થઇ રસ્તો માપવા માંડે છે. ડબી ૧ ની કીમત ફક્ત રૂ. ૧-૧૨-૦ છે.

**માત્રાઓ ભસ્મો અને રસો**—પૂર્ણચંદ્રોદયરસ તોલા ૧ ની કી રૂ ૩૦-૦-૦ **સુવર્ણવસંતમાલતી**—તો. ૧ ની કીમત રૂ. ૧૦-૦-૦, **લઘુમાલતી વસંત** તો ૧ ની કીમત રૂ. ૨-૮-૦ **ચાંદીભસ્મ** તો. ૧ ની કી. રૂ. ૨-૮-૦. **અભ્રકભસ્મ ૧૦૦ પુટી** તો. ૧ ની કીમત રૂ. ૧૦-૦-૦ પાંચસો પુટી અભ્રકની રૂ. ૨૦-૦-૦ હજાર પુટીની રૂ. ૩૦-૦-૦ **લોહભસ્મ** સો પુટી તોલા ૧ ની કીમત રૂ. ૩-૦-૦ પાંચસો પુટીની રૂ. ૫-૦-૦ અને હજાર પુટી લોહભસ્મની. રૂ. ૮-૦-૦. **પોલાદભસ્મ** તોલા ૧ ની કીમત રૂ. ૫-૮-૦. પરવાળાંની ડાંખળી-ભસ્મ તો. ૧ ની રૂ. ૧-૦-૦. **સાબરસીંગ ભસ્મ** તો. ૧ ની કીમત ૦-૧૨-૦ **બંગભસ્મ** તોલા ૧ ની કી. રૂ. ૨-૮-૦ **ત્રિબંગભસ્મ** તોલા ૧ કીમત રૂ. ૪-૮-૦, **રસસિંદુર** તોલા ૧ ની કી. ૩-૮-૦ **અને પ્રવાળભસ્મ** તો. ૧ ની કી. રૂ. ૩-૦-૦ લેવામાં આવે છે.

આ શિવાય દરેક જાતની ભસ્મો, માત્રાઓ અને રસ, પાક, અવલેહ, ચૂર્ણ, ગુટિકા, તૈલ, ઘૃત, ક્વાથ, આસવ, અરિષ્ટ વગેરે વગેરે તથા તમામ જાતનાં દર્દોની દવાઓ અમારા ઔષધાલય (દવાખાના) માં વ્યાજબી કીમતથી મળે છે.

## સૌભાગ્ય શૃંગાર.

આ સૌભાગ્યશૃંગાર ખચિત સૌભાગ્યવતી સુંદરીઓનો શૃંગાર જ છે, એટલે કે આ સૌભાગ્યશૃંગારનો યોગ્ય ઉપયોગ કરવાથી

માથાના વાળ નરમ, સુંવાળા, કાળા, લાંબા, ભરછાદાર અને ચળકતા થાય છે. મેલ-જુ-લીખ-ખોડો-ઉંદરી અને વાળોનું ખરવું બંધ કરી ખોપરીને સ્વચ્છ બને છે. તેમજ અમૂલ્ય સુગંધી આપવા સાથ વાળો ઘણુંજ ઝડપથી વધતાં અત્યંત આનંદ આપે છે. તન મન મગજ મોજમાં રાખી આંખોની રોશની, યાદશક્તિ, મગજની સબળતા, મનમાં ઉત્સાહ, અને ચહેરાના જ્ઞાનતંતુ આદિમાં અજબ ચૈતન્ય પ્રાપ્ત થાય છે. આયુષ્ય, ક્રાંતિ અને ખુબસુરતીની આબાદિ આધીન રહે છે, અને ચહેરો ચંદ્રબિંબ સમાન તેજોમય બને છે. છતાં એક રતલના ડબા ૧ ની કીમત રૂ ૧—૦—૦

## અમોઘઅમૃત.

આ અમોઘઅમૃત, જેના લીધે માણસનું જીવન ટકી રહે છે, તે લોહીને સાફ રાખી તથા વધારી આનંદમાં રસબસ કરે છે. શરીરમાં ફુરતી, બુદ્ધિમાં ચમત્કૃતિ, છાતીમાં ધૈર્યતા-નિર્ભયતા. મનમાં ઉત્સાહ અને જ્ઞાનતંતુઓમાં અજબ સબળતા આપે છે. દસ્ત સાફ લાવે છે, યાદશક્તિ વધારે છે, શરીરને નિરોગ રાખે છે, ધાતુઓ માત્રને સજીવન બનાવે છે, તાકતને કાયમ કરે છે, ઉજાગરા—આળસ અને ગમગીનીનો નાશ કરે છે, ખાંસી, મગજની ગરમી, દાંતોનું દર્દ, પેટની પીડા, બેચેની, અને દોષોની વિષમતાને દૂર કરે છે. ટુંકામાં એટલુંજ કહેવું બસ છે કે આ અમૃત અમૃતની પેઠેજ રોગોને પેદા થવાનાં કારણોને રોકી, થયેલા રોગોને જડમૂળમાંથી ઉખેડી હૃષ્ટપુષ્ટ બનાવી જીવનબળને જોરદાર બનાવે છે. **છતાં એક રતલના ૧ ડબાનો રૂ. ૧—૦—૦ છે.**

# મફત સલાહ મેળવી શકાય છે.

અમે કે દર્દ માટેની પુરતી હકીકત લખી મોકલી મરજી પ્રમાણે જે કોઈ ખુલાસા મેળવવા માગશે તેઓને નંબરવાર યોગ્ય સમાધાન સાથે અમો પુરેપુરા ખુલાસા, સલાહ અને સંતોષ આપીશું.

ટીકીટ બીડયા વગર કાગળ મોકલવો નહીં, તેમ જ જવાબ મેળવવાના કાગળ સાથે અરધા આનાની ટીકીટ જરૂર મોકલવી. કાગળો દરેકના ખાનગી રાખવામાં આવે છે માટે માત્ર આપના મનો વ્યથા ખુલ્લા દિલથી શરમ રાખ્યા વગર ખુલાસો કરવો. જે વખતે શરમ રાખવાથી જીંદગી જોખમમાં હોય છે તે લોકો શરમને બાજુ પર મુકી પોતાનું અને ભવિષ્યની પ્રજાનું ભલું થવા તુરત ઉપાય આદરવા જોઈએ બતાવવું છે. અને વિશેષમાં જણાવવું છે કે-

જેને આવા નાના દર્દની મરજી હોય તો વીર્ય ન બગડે તેવા સાચવવું જોઈએ, કેમકે ધર્મ અર્થ કામ અને મોક્ષ એઓને મેળવવાનું મુળ કારણ તંદુરસ્તી જ છે. માટે જીંદગી સંભાળવાની આવશ્યકતા જાણીને અગત્યના અને શરીરનું જ રક્ષણ કરવું જોઈએ અવશ્ય છે।

ઠાકુરભાઈ જીવણભાઈ વૈદ્ય.
ધોળકા—(ગુજરાત.)

## આ બોધ શબ્દો અવશ્ય સાંભળો !

[illegible] માન મેળવવાની ચાહના હોય, [illegible] મેળવવી હોય, [illegible] હોય, [illegible] હોય, [illegible] માનસિક અને શારિરિક [illegible] કરવાં હોય, [illegible] [illegible] [illegible] [illegible]

## સુર્યપરિચયમાળા.

[illegible] વિચારો અને [illegible] કે જેથી [illegible] [illegible] [illegible] [illegible] પામેલા, અને માન મેળવવામાં નિરાશ થએલાઓને. [illegible] સુર્યપરિચયમાળાના ૧૦૮ મણકા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૧૦૮ મણકા [illegible] વાંચવાનો લાભ મળશે [illegible]

**[illegible] વૈદ્ય.**

[illegible] —[illegible] (અમદાવાદ)